स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

Ministry of Housing
and Urban Affairs
Government of India

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

# સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત

## STAR RATING OF GARBAGE FREE CITIES

### ODF+ & ODF++




સ્વચ્છ ગુજરાત... સ્વસ્થ ગુજરાત...

Follow us on /swachhgujarat /mgsmgujarat

સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

# કચરા અને શૌચક્રિયા મુક્ત શહેર




સ્વચ્છ ગુજરાત... સ્વસ્થ ગુજરાત...

Follow us on /swachhgujarat /mgsmgujarat

સ્વચ્છ ભારત મિશન - ગુજરાત

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન



મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

# સ્ટાર રેટિંગ/ ODF+ અને ODF++ની ટૂલકીટ

**શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે માર્ગદર્શીકા**

Ministry of Housing and Urban Affairs
Government of India

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

# Swachh Bharat Mission - Urban

# STAR RATINGS for GARBAGE FREE CITIES



## સાત સ્ટાર રેટિંગ (કચરામુક્ત શહેર)

ભારત સરકાર દ્વારા તા.૨૦/૦૧/૨૦૧૮ ના રોજ કચરામુક્ત શહેર બનાવવા માટે ની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી. જેમાં મુખ્ય ૧૧ મુદાઓ પર ભાર આપવામાં આવેલ છે.

| Conditions | 1 Star | 2 Star | 3 Star | 4 Star | 5 Star | 7 Star |
|---|---|---|---|---|---|---|
| Door to Door Collection | 60% | 80% | 100% | | | |
| Segregation at source | 25% | 50% | 80% | 100% | | |
| Litter Bins | 25% | 50% | 80% | 100% | | |
| Waste Processing | 25% | 50% | 75% | 100% | | |
| Citizen Grievance Redressal | App Downloads: **5% HHs** | App Downloads: **5% HHs** Complaints Resolved: **50%** | App Downloads: **10% HHs** Complaints Resolved: **75%** | App Downloads: **25% HHs** Complaints Resolved: **75%** | App Downloads: **25% HHs** Complaints Resolved: **90%** | App Downloads: **50% HHs** Complaints Resolved: **100%** |
| Sweeping of public, commercial and residential areas | Public & commercial areas: **100%** | | Public, commercial & residential areas: **100%** | | Public & commercial areas: **100%** twice daily sweeping Residential areas: **100%** daily sweeping | |
| Waste Storage | 100% | | | | | |
| No visible solid waste in Drains & Water Bodies | 100% water bodies | | 100% water bodies and storm water drains | | | |
| **User Charges for waste collection and transportation** *i. Affordable, differential, viable & sustainable user charges* | Byelaws framed | Commercial, institutional and industrial establishments | All households/ premises including residential, commercial, institutional and industrial establishments | | | |
| Plastic Ban | Implementation in compliance with Plastic Waste Management Rules 2016 | | Notification & enforcement of ban and enforcement of user fee by ULB on use, sale and storage of plastic bags more than 50 microns | | Complete ban on all plastic bags | |

1. કચરાના ડોર- ડોર એકત્રીકરણની વ્યવસ્થા સુદ્રઢ બનાવવી. તેમજ સુકા અને ભીના કચરાના વર્ગીકરણની વ્યવસ્થા ઉભી કરવી.
2. જાહેર,વાણીજય તથા રહેણાક વિસ્તારોની સફાઈની વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવી.
3. કચરાની પેટીઓ, વેસ્ટ સ્ટોરેજ ડસ્ટબીન અને મટીરીયલ રીકવરીની સુવિધાઓ ઉભી કરવી.
4. કચરાનાં બલ્ક જનરેટરોએની જગ્યાએ પ્રોસેસીંગની વ્યસ્થા ઉભી કરવી.
5. સાઈન્ટીફિક વેસ્ટ પ્રોસેસિંગ, સાઈન્ટીફિક લેન્ડફીલ તથા બાંધકામ(C&D) કચરાના નિકાલ માટેની વ્યવસ્થા ઉભી કરવી.
6. મહાનગરપાલિકા/નગરપાલિકામાં જાહેરમાં ગંદકી બાબતે યુઝર ફી, દંડની જોગવાઈ કરવી તથા પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકવો.
7. નાગરિકોની ફરિયાદ નિવારણ અને નાગરિકોના પ્રતિભાવની વ્યવસ્થા બાબત.

8. ખુલ્લી જગ્યામાં થતાં કચરાના ઢગલા અટકાવવા તથા કચરાની ડમ્પિંગ સાઈટની અદ્યતન રીતે સફાઈ કરાવવી.

9. તળાવ અને નદી- નાળાઓની સફાઈ

10. શહેરોમાં દ્રશ્યમાન સુશોભનની વ્યવથા ઉભી કરવી.

11. શહેરોમાં કચરો ઉત્પન્ન થતો અટકાવવો

ઉપરોકત વિગતો ધ્યાને લઇ સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૮ ની સરખામણીએ star rating માં ઉચ્ચ સ્થાન મેળવવા નીચેનાં મુદ્દાઓનું અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

**(૧) કચરાના ડોર- ડોર એકત્રીકરણની વ્યવસ્થા સુદ્રઢ બનાવવી. તેમજ સુકા અને ભીના કચરાના વર્ગીકરણની વ્યવસ્થા ઉભી કરવી.**

- મહાનગરપાલિકા/નગરપાલિકાઓના તમામ વાહનોમાં GPS ટ્રેક સીસ્ટમની વ્યવસ્થા ઉભી કરી કચરાના એકત્રીકરણની વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવી.
- સુકા અને ભીના કચરાનું ઉત્પત્તિનાં સ્થળે જ વર્ગીકરણ થાય તે માટેની વ્યવસ્થા ઉભી કરવી.
- તમામ ઘર અને મિલકતોમાં સુકા અને ભીના કચરાનાં વર્ગીકરણ બાબતે જાગૃતિનાં કાર્યક્રમો હાથ ધરવા.
- મહાનગરપાલિકા/નગરપાલિકાઓમાં ઉપલબ્ધ જમીન ઉપર જ સુકા કચરાના સેન્ટર ઉભા કરવા.
- મહાનગરપાલિકા/નગરપાલિકાઓમાં સુકા અને ભીના
- કચરા વર્ગીકરણ માટે રેગ પીકર્સ અને સખી મંડળની બેહનોને તાલીમ આપી સુકા કચરાના સોર્ટિંગ સેન્ટરમાં જોડવા.

**(૨) જાહેર,વાણીજય તથા રહેણાક વિસ્તારોની સફાઈની વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવી.**

- તમામ રહેણાક અને વાણીજ્ય વિસ્તારોમાં દિવસમાં બે થી ત્રણ વખત સફાઈની વ્યવસ્થા ઉભી કરવી.
- સફાઈ અંગેની કામગીરી બાબતે નાગરીકો પાસેથી પ્રતિભાવો લેવા.
- સારી કામગીરી કરનાર સફાઈ કર્મચારીઓને માસિક પ્રોત્સાહન ઇનામ આપવા.

**(૩) કચરાની પેટીઓ, વેસ્ટ સ્ટોરેજ ડસ્ટબીન અને મટીરીયલ રીકવરીની સુવિધાઓ ઉભી કરવી.**

- વાણીજય વિસ્તારમાં દર ૫૦૦ મીટરના અંતરે રસ્તાની બંને સાઈડ લીલા અને વાદળી રંગના ડસ્ટબીનની વ્યવસ્થા ઉભી કરવી તેમજ સમાયાંતરે ડસ્ટબીન ખાલી કરવા.

- વોર્ડ પ્રમાણે મટીરીયલ રીકવરી સેન્ટર ઉભા કરવા.
- શહેરના કબાડીવાળા સાથે સંપર્ક કરી સુકા કચરાના યોગ્ય નિકાલની વ્યવસ્થા ઉભી કરવી.

**(૪) કચરાનાં બલ્ક જનરેટરોએની જગ્યાએ પ્રોસેસીંગની વ્યસ્થા ઉભી કરવી.**

- શહેરોમાં સુકો અને ભીનો કચરો મળી કુલ ૧૦૦ કિલો કે તેથી વધુ કચરો ઉત્પન્ન કરતા બલ્ક જનરેટરો જેવા કે શાળાની કેન્ટીન, હોસ્ટેલ, બગીચાઓ, હોસ્પિટલો, શાકમાર્કેટ (APMC) જેવા સ્થળ ઉપરજ ભીના કચરાના પ્રોસેસિંગની વ્યવસ્થા ઉભી કરવી.

**(૫) સાઈન્ટીફિક વેસ્ટ પ્રોસેસિંગ, સાઈન્ટીફિક લેન્ડફીલ તથા બાંધકામ(C&D) કચરાના નિકાલ માટેની વ્યવસ્થા ઉભી કરવી.**

- સાઈન્ટીફિક લેન્ડફીલ સાઈટની વ્યવસ્થા ઉભી કરવી.
- શહેરમાં C&D કચરાનાં એકત્રીકરણ અને પ્રોસેસિંગની વ્યવસ્થા ઉભી કરવી.
- શહેરમાં બિલ્ડર્સ, ડેવલપર્સ તથા ખાનગી મિલકત ધારકો જો જાહેરમાં કાટમાળ ફેંકે અથવા અન્ય કોઈ રીતે ડોર ટુ ડોર વાહનમાં કાટમાળ નાખે તેવા તમામ માટે દંડની જોગવાઈ કરવી.

**(૬) મહાનગરપાલિકા/નગરપાલિકામાં જાહેરમાં ગંદકી બાબતે યુઝર ફી, દંડની જોગવાઈ કરવી તથા પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકવો.**

- રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ પબ્લિક હેલ્થ બાઈલોઝના આધારે પોતાની મહાનગરપાલિકા/નગરપાલિકામાં પબ્લિક હેલ્થ બાઈલોઝ અમલીકરણની કાર્યવાહી કરવી.
- પબ્લિક હેલ્થ બાઈલોઝના અમલીકરણ માટે મહાનગરપાલિકા/નગરપાલિકામાં સ્ટાફની વ્યવસ્થા ઉભી કરવી.
- પ્લાસ્ટિક કચરો ઉત્પન્ન કરતી કંપનીઓ પર સતત નિરીક્ષણ રાખી દંડની કાર્યવાહી હાથ ધરવી તેમજ દંડ ઉઘરાવવા માટે મોબાઈલ વેનની સુવિધા પૂરી પાડવી.
- ઘન કચરાના એકત્રીકરણ માટેની ફી માં વધારો કરવો તથા મનપા/નપાનાં ૧૦૦% ટેક્ષ ઉઘરાવવો.
- ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈ વાળા પ્લાસ્ટીકનો પ્રતિબંધ જાહેર કરવો તેમજ તેનો અમલ ન કરનાર દુકાનદારો, ફેરિયાઓ વેચાણ કરનાર પાસે દંડ ઉઘરાવવાની કાર્યવાહી હાથ ધરી જથ્થાબંધ પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવાની વ્યવસ્થા ઉભી કરવી.
- પ્લાસ્ટીકના ઉપયોગ ટાળવો તથા પ્લાસ્ટીકના બદલે કાપડ,કાગળ અને જ્યુટ બેગ ઉપયોગ માટે જનજાગૃતિની પ્રવૃત્તિ હાથ ધરવી.

## (૭) નાગરિકોની ફરિયાદ નિવારણ અને નાગરિકોના પ્રતિભાવની વ્યવસ્થા બાબત.

- સ્વચ્છતાને લગતી નાગરિકોની ફરિયાદ માટે નાગરિકોને સ્વચ્છતા એપ ડાઉનલોડ કરાવવી,વેબ સાઈટ પર નાગરિક ફરિયાદ નિવારણની વ્યવસ્થા ઉભી કરવી તથા સમય મર્યાદા નક્કી કરી અને નાગરિકોની ફરિયાદનું નિવારણ કરવું.
- ફરિયાદ નિવારણ બાદ તેઓના પ્રતિભાવો મેળવવા અને તેનું દૈનિક ધોરણે મોનીટરીંગ કરવું.

## (૮) ખુલ્લી જગ્યામાં થતાં કચરાના ઢગલા અટકાવવા તથા કચરાની ડમ્પિંગ સાઈટની અદ્યતન રીતે સફાઈ કરાવવી.

- ડોર ટુ ડોર કચરાના એકત્રીકરણની પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા શહેરના તમામ નાગરિકોને કચરાનાં એકત્રીકરણ માટે આવતી વાનનાં સમયની જાણ કરવી.
- કચરાનું એકત્રીકરણ કરનારી વાનનો દૈનિક સમય સરખો રાખવો.
- શહેરમાં જ્યાં કચરાના ઢગલા ઉભા થતા હોય કે ડમ્પિંગ સાઈટ હોય તેવા તમામ પોઈન્ટ શોધી ત્યાં સુશોભન કે વૃક્ષા રોપણ કરવું તથા પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે વિવિધ આઈ.ઈ.સી પ્રવૃતિઓ હાથ ધરવી.
- કચરો એકઠો કરવાનાં કમ્યુનીટી બીન દુર કરવા.
- શહેરમાં કચરાના ડમ્પિંગ માટે જમીનનો અભાવ હોય તો રેમીડીએશનની કામગીરી કરવી.

## (૯) તળાવ અને નદી- નાળાઓની સફાઈ

- શહેરના તમામ તળાવ અને નદી- નાળાઓની દર મહીને સફાઈ કરાવી અને ચોમાસા અગાઉ વિશેષ કાળજી લઇ સાફ સફાઈ હાથ ધરવી.
- શહેરની ગટર વ્યવસ્થાને ધ્યાને લઇ તમામ ગટરના ઢાંકણા હવાચુસ્ત મુકાવવા જેથી પાણીને મેઈન હોલમાં જતા અટકાવી શકાય.


## (૧૦) શહેરોમાં દ્રશ્યમાન સુશોભનની વ્યવથા ઉભી કરવી.

- શહેરમાં કચરાના ઢગલા હોય તેવા તમામ સ્થળો પર પેન્ટિંગ, સાર સુત્રો લખી અને સુશોભીત કરવા.
- રસ્તાઓની દૈનિક ધોરણે સફાઈ કરાવી તથા નાગરિકોને કચરો બાળતા અટકાવવો.
- સતત કચરો ભેગો થતો હોય તેવા પોઈન્ટ પર દિવસમાં બે વાર ફરજીયાતપણે સફાઈ કરવી.

- શહેરનાં મોટા ભાગના રસ્તાની સફાઈ રાત્રે કરાવવી.
- શહેરનાં મૃત પ્રાણીઓ ના દેહ ને ઝડપથી નિકાલ કરવો.
- વિદ્યાર્થીઓ દ્વારા શહેરોમાં સ્વચ્છતાને લગતા પેન્ટિંગની કામગીરી કરાવવી
- શહેરમાં જુદી જુદી જગ્યાઓ ઉપર  વૃક્ષારોપણ કરવું.

## (૧૧) શહેરોમાં કચરો ઉત્પન્ન થતો અટકાવવો

- શહેરમાં મોટા પ્રમાણમાં કચરો ઉત્પન્ન કરતા ઉત્પાદકોને ઓળખી તેઓને કચરાના વર્ગીકરણ માટે પ્રોત્સાહિત કરવા.
- કચરાનું સ્થળ ઉપર જ વર્ગીકરણ થાય તે માટે હોટેલ,ઘર, અને સોસાયટીને પ્રોત્સાહિત કરવા.
- પ્લાસ્ટીકના ઉપયોગને નિયંત્રિત કરવા.
- સુકા કચરાના વર્ગીકરણ માટે સોર્ટીંગ સેન્ટર ઉભા કરવા.
- શહેરોમાં કબાડીઓને ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવા સુકા કચરાની ખરીદી માટેની વ્યવસ્થા કબાડીઓ મારફત કરાવવી.
- કચરાના વર્ગીકરણ માટે વોર્ડ કાઉન્સીલર, યુવા મંડળો, સખી મંડળો, શહેરની પ્રતિભાશાળી વ્યક્તિઓને સાથે સંકલ કરી અને જનજાગૃતિની પ્રવૃત્તિ હાથ ધરવી.
- વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું.


Ministry of Housing
and Urban Affairs
Government of India
Declaring your City/Town
SBM ODF+ and SBM ODF++
Toolkit for Urban Local Bodies

## પૃષ્ઠભુમી

ભારતની શહેરી વસ્તી ૧૯૭૧માં ૧૯.૯% થી વધીને ૨૦૧૧માં ૩૧.૨% થઈ છે. આર્થિક વિકાસની સાથે આ અકલ્પનીય વિકાસ શહેરી ભારત માટે ઝડપથી વધતી જતી શહેરી વસ્તીની વધતી જતી માળખાકીય સુવિધાઓના સંદર્ભમાં ગંભીર પડકાર બની ગઈ છે. વધુ સારી જીવનની ગુણવત્તાની શોધમાં ગામડાં તરફથી શહેરો અને નગરો તથા વસ્તીના સ્થળાંતરને લીધે સેનેટરી સુવિધાઓ પુરી પાડવા અને ખાસ કરીને તેવા ઘરો જે આર્થિક રીતે નબળાં સોસાયટી વિસ્તારોમાં છે કે જ્યાં ખુલ્લામાં શૌચ સ્થળો વધુ જોવા મળે છે તેવા રહેણાક વિસ્તારોમાં ખુલ્લામાં થતી શૌચ દેખાવાના જોખમો જેવા મુખ્ય પડકારો ઊભા થયા છે.

સ્વચ્છ ભારત મિશન નો ધ્યેય ૨ ઓક્ટોબર, ૨૦૧૯ સુધીમાં દેશની તમામ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સો ટકા શૌચક્રિયા મુક્ત સ્થિતી હાંસલ કરવાનો છે. આ માટે શૌચાલયની સુવિધાઓ (એટલે કે સેનેટરી વ્યક્તિગત ઘરેલું શૌચાલય સામુદાયિક અને જાહેર શૌચાલય નું બાંધકામ) પૂરી પાડવી આવશ્યક છે. સાથે સાથે આ સુવિધાઓ ની કાર્યક્ષમતા જાળવી રાખવા માટે તેની નિભાવણી અને મરામતની આવશ્યકતા છે, જેમાં અસરકારક ફીકલ સ્લજ અને સેપ્ટેજ મેનેજમેન્ટ સહિત સુરક્ષિત પ્રતિબંધ, ખાલી કરવુ, એકત્રિત કરવું, પરિવહન કરવું, ટ્રીટમેન્ટ અને સુરક્ષિત નિકાલ કરવા અંગેની ખાતરી હોવી જોઈએ. ક્રમશઃ આ સેનેટરી સુવિધાનો નિયમિત અને યોગ્ય રીતે ઉપયોગ થાય તેની ખાતરી માટે અગત્યના સેલ્ફ હેલ્પ ગ્રુપ, વિદ્યાર્થીઓ અને યુવાનો, કોર્પોરેટ સંસ્થાઓની સહ ભાગીદારીથી વર્તણૂક પરીવર્તન પહેલ ચાલુ રાખવામાં આવશે.

## હેતુઓ

આ ટૂલકીટનો હેતુ શહેરો અને નગરો કે જેણે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સુચિત કરેલ જોગવાઈ મુજબ પહેલેથી જ ODF સ્થિતિ હાંસલ કરેલ છે તેમને તૈયાર કરેલ તપાસો અને માર્ગદર્શિકા આપવાનો છે. આથી ODF + તરીકે ઉલ્લેખ કર્યા મુજબ શૌચાલયની સુવિધાનાં યોગ્ય નિભાવણી ખાતરી આપી ODFની સ્થિતિના ટકાઉપણાની ખાત્રી તરફ કામ કરી રહેલ છે. અહીં ODF ++ તરીકે ઉલ્લેખ કર્યા મુજબ બધા જ ફીકલ સ્લજ અને સીવેજના સુરક્ષિત એકત્રીકરણ, વાહન પરિવહન, ટ્રીટમેન્ટ અને નિકાલ કરવો કે જેથી બધા જ માટે સુરક્ષિત નિભાવી શકાય તેવી સ્વચ્છતાને હાંસલ કરી શકાય. ODF પ્રોટોકોલની જેમ આ ટૂલકીટ MoHUA દ્વારા ઠરાવેલ SBM ODF+ પ્રોટોકોલ અને SBM ODF++ પ્રોટોકોલ છે જેમા SBM ODF + અને SBM ODF++ના ભાગરૂપ સંમતિ અને પ્રમાણપત્ર પ્રક્રિયા મુજબ વોર્ડ/ વર્ક સર્કલ (વિકાસ સત્તામંડળની હદના વિસ્તાર માટે) અને શહેરોએ વિવિધ હિસ્સેદારો પાસેથી મેળવવાના સંમતિપત્ર ભરીને આપવાના છે. તે થર્ડ પાર્ટી દ્વારા ULB/ વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા દાવો કરેલ SBM ODF+ અને SBM ODF++ના પ્રમાણપત્રની પ્રક્રિયા પણ દર્શાવે છે.

## કાર્યક્ષેત્ર

નક્કી કરેલ પ્રોટોકોલ મુજબ, ULB/ વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ પોતાની જાતે અને સંલગ્ન હિસ્સેદારોને આધારે ODF + કે ODF ++ સ્થિતિ હાંસલ કરી શકે તે માટે આ ટૂલ કીટ તૈયાર કરેલ ચેક લિસ્ટ પૂરું પાડે છે.

## ODF : વ્યાખ્યાઓ અને જરૂરી શરતો

અભ્યાસને ઓપ આપવાના હેતુથી, MoHUAએ ઠરાવેલ ODF પ્રોટોકોલના મુખ્ય અંશો આગળ રજૂ કરેલ છે.

- **ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત શહેર/ વોર્ડ ની વ્યાખ્યા**

  શહેર /વોર્ડમાં દિવસના કોઇપણ સમય દરમ્યાન એક પણ વ્યક્તિ ખુલ્લામાં શૌચક્રિયા કરતો ન મળે તો તે શહેર/ વોર્ડને ODF શહેર/ વોર્ડ જાહેર કરી શકાય છે.

- **શહેર/ વોર્ડને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર કરતાં પહેલાં હાંસલ કરવાની જરૂરી માળખાકીય ને નિયમનકારીશરતો.**

  (૧) તમામ ઘરો કે જ્યાં શૌચાલય બનાવવાની જગ્યા છે ત્યાં શૌચાલય બનાવેલ હોય.

  (૨) તેવા ઘરો કે જ્યાં શૌચાલય બાંધવાની જગ્યા નથી તેવા તમામ કુટુંબોને ૫૦૦ મીટરના અંતરમાં સામુદાયિક શૌચાલયની સુવિધા હોય.

  (૩) બધા જ વાણિજ્ય વિસ્તારોમાં એક કિલોમીટરના અંતરમાં જાહેર શૌચાલય હોય.

  (૪) ૨૦૧૧ બાદ બાંધકામ કરેલ તમામ વ્યક્તિગત ઘરેલું શૌચાલય ની વિગતો SBM અર્બન પોર્ટલ પર ફરજીયાત પણે અપલોડ કરેલ હોય.

  (૫) બાંધકામની તારીખને ધ્યાને લીધા સિવાય શહેરના તમામ સામુદાયિક અને જાહેર સૌચાલયના ફોટા SBM અર્બન પોર્ટલ પર ફરજીયાત પણે અપલોડ કરેલ હોય.

## ઓ.ડી.એફ. પ્રોટોકોલ ના ભાગ રૂપે રજૂ કરવાના થતા જાહેરનામા/ સંમતિપત્ર

(૧) મેયર અધ્યક્ષ તરફથી શહેર/ નગરને ODF કરજાહેર કર્યા અંગેનું જાહેરનામુ

(૨) વોર્ડ કાઉન્સિલર તરફથી નીચેના ગૌણ જાહેરનામા સાથે વોર્ડ ODF જાહેર કર્યા અંગેનું જાહેરનામું

a) વોર્ડમાં આવેલ દરેક શાળા સ્વયં ઘોષણા પત્ર આપશે કે નોંધાયેલા બધા જ બાળકોને ઘરે અને શાળામાં શૌચાલય ની સુવિધા છે અને નિયમિત રીતે તેનો ઉપયોગ કરે છે.

b) વોર્ડમાં સક્રિય દરેક સ્વ-સહાયજૂથ એવું ઘોષણાપત્ર આપશે કે તે વોર્ડમાં તમામ ઘરોમાં શૌચાલયની સુવિધા છે અને તેનો નિયમિત ઉપયોગ થાય છે.

## ODF થી આગળ વધીને - SBM ODF+ અને SBM ODF++

ODF પ્રોટોકોલ પર આધારિત SBM ODF+ અને SBM ODF++ પ્રોટોકોલ તેની જોગવાઇઓની યથાસ્થાને ધ્યાને રાખતા શહેરો અને નગરોને ટકાઉ સેનિટેશન માં સુધારો લાવવા માટે મંચ પૂરું પાડે છે. આ પ્રોટોકોલ મૂળ સ્વરૂપમાં વધારો કરે છે અને ભારતમાં પ્રવર્તમાન સ્થળ પરની હકીકતને દર્શાવે છે.

## SBM ODF + : વ્યાખ્યાઓ અને જરૂરી શરતો

- **SBM ODF+ શહેર/ વોર્ડ / વર્ક સર્કલ ની વ્યાખ્યા**

શહેર/ વોર્ડ/ વર્ક સર્કલમાં[1] જો દિવસના કોઈ પણ સમયે એક પણ વ્યક્તિ ખુલ્લામાં શૌચક્રિયા અને/ અથવા પેશાબ કરતો જોવા ન મળે અને તમામ સામુદાયિક તથા જાહેર શૌચાલય કાર્યરત હોય અને સારી રીતે નિભાવવામાં આવતા હોય તો તે SBM ODF+ શહેર / SBM ODF+ વોર્ડ/ SBM ODF+ વર્ક સર્કલ જાહેર/ પ્રમાણિત કરવામાં આવી શકે છે.
**નોધ:** MoHUA દ્વારા ઠરાવેલ ODF પ્રોટોકોલ મુજબ ઓછામાં ઓછા એકવાર ODF પ્રમાણિત થયેલ છે શહેર આ પ્રોટોકોલ દસ્તાવેજમાં જણાવેલ શરતો મુજબ પોતાની જાતે SBM ODF+ ની જાહેર કરી શકે અને SBM ODF+ ના પ્રમાણપત્ર માટે અરજી કરી શકે છે.

- **શહેર/ વોર્ડને sbm odf+ જાહેર કરતાં પહેલાં હાંસલ કરવાની જરૂરી માળખાકીય ને નિયમનકારી શરતો**

(૧) નીચે દર્શાવેલ વધારાની શરતોની સાથે ઉપર જણાવ્યા મુજબ ODF માટેની તમામ લાગુ પડતી શરતો.

a) વ્યક્તિગત શૌચાલય કાર્યરત છે અને પાણીની સુવિધા સાથે સારી રીતે નિભાવવામાં આવે.

b) તમામ જાહેર સ્થળો[2] પર એક કિલોમીટરના દાયરામાં કાર્યરત જાહેર શૌચાલય હોય.

(૨) શૌચાલયની સીટ/ યુરીનલ અને બ્લોક નક્કી કરતી વખતે શહેરની તમામ અસ્થાઈ વસ્તીને પણ ધ્યાનમાં લેવાની રહેશે.

(૩) એક જ સ્થળ પર મોટા મેળાવડાઓ ના પ્રસંગ દરમિયાન ઉપયોગ માટે શહેર પાસે પૂરતા પ્રમાણમાં મોબાઈલ ટોયલેટ/ શૌચાલયની સુવિધા છે જેમ કે આવા પ્રસંગો વારંવાર ન થતાં હોવાની સ્થિતિ ધ્યાને લીધા વગર જો વર્તમાન સુવિધા પૂરતી ના હોય તો તેવી શૌચાલય ની ઉચ્ચ માંગની પરિસ્થિતિમાં.૩

(૪) નિવાસી કલ્યાણ સંગઠનો/ ઘરો અથવા મોહલ્લા સમિતિઓ[4] સહિત તમામ રહેણાંક સોસાયટીના હદ વિસ્તારમાં બીન- રહેણાંક ઘરેલું કામદારો, બાંધકામના કામદારો, નિભાવણી સ્ટાફ, ડ્રાઇવર વગેરે પુરુષ અને સ્ત્રીઓના ઉપયોગ માટે શૌચાલયની સુવિધા હોવી જોઈએ કે જે દરેક સમયે ચોખ્ખા અને વપરાશ કરી શકાય તેવા હોય.

(૫) શહેરોએ તમામ સમુદાયીક/ જાહેર શૌચાલયનું માળખાકીય ઓડિટ કરેલ છે અને તારણોને આધારે જરૂરી મરામત અને નવીનીકરણ કરેલ છે.

(૬) બીડાણ ૧(A) માં આપેલ તમામ શરતોના પાલન સહિત બધા જ કાર્યરત જાહેર અને સામુદાયિક શોચાલય યોગ્ય રીતે જોગવાઈ કરેલ હોય અને સારી રીતે નિભાવવામાં આવતા હોય, બીડાણ ૪ માં જણાવેલ માળખા મુજબ દરેક શૌચાલયના ગુણ અંકિત કરેલ હોય અને આ શરતોનું પાલન કરી લાયક થવા માટે એકંદરે ઓછામાં ઓછા ૯૦% ટકા ગુણ મેળવેલ હોય.

(૭) જાહેર અને સામુદાયિક શૌચાલયના ઓછામાં ઓછા એક અથવા ૧૦ ટકા જે વધુ હોય તેને બીડાણ-૧(B)મા આપેલ વધારાની શરતોનું પાલન કરેલ હોય, બીડાણ ૫ માં જણાવેલ માળખા મુજબ દરેક શૌચાલય ના ગુણ અંકિત કરેલ હોય અને આ શરતોનું પાલન કરી લાયક થવા માટે

એકંદરે ઓછામાં ઓછા ૯૦% ટકા ગુણ મેળવેલ હોય.

(૮) ULB/ વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ મ્યુનિસિપલ બાય લોઝ માં (મ્યુનિસિપલ વહીવટની ગેરહાજરીમાં તેના સમાંતર ) દર્શાવેલ SBM ODF+ માટે જણાવેલ બધી જ શરતોમાંથી આ પ્રોટોકોલ દસ્તાવેજમાં જણાવેલ ઓછામાં ઓછું એક નું પાલન કરતું જાહેરનામું બહાર પાડેલ છે અને બહોળો ફેલાવો ધરાવતા ઓછામાં ઓછા બે દૈનિકમાં પ્રસિદ્ધ કરેલ હોય.

(૯) શહેરે ખુલ્લામાં શૌચક્રિયા કરનાર સામે દંડની જોગવાઈ બહાર પડેલ હોય અને અધિસુચિત કરેલ હોય અને સામુદાયિક જાહેર શૌચલાયના સેવા કરારમાં હોય તેવી સવલત પૂરી પાડનાર સંસ્થા સામે ફી/ દંડ નક્કી કરેલ હોય.

(જો આવા શૌચાલયોની નિભાવણી માં અભાવ હોય તો ).

૧. સંબંધિત વિસ્તાર વિકાસ સત્તા મંડળના કાર્યક્ષેત્રમાં આવતો હોય તો જ વર્ક સર્કલ લાગુ પડે છે.

૨. જાહેર વિસ્તારો એવા વિસ્તારો કે જે જનતાને પ્રવેશ માટે ખુલ્લા હોય ખાસ કરીને તે જ્યાં દૈનિક / સમયાન્તરે વધુ અવરજવર રહેતી હોય (ચોક્કસ સમયે લોકોની સંખ્યા), જેમાં બાગ અને બગીચાઓ, પરિવહન સ્થળો (રેલવે સ્ટેશન, વિમાનમથક, બસ સ્ટેશન વગેરે), ધાર્મિક સ્થળો, ફરવાલાયક વિસ્તારો, ઐતિહાસિક વિસ્તારોનો સમાવેશ થાય છે, પણ તેટલા જ મર્યાદિત નથી અને વાણિજ્ય વિસ્તારો (જેવા કે બજાર, APMC) નો સમાવેશ થતો નથી.

૩. ULB/ કૅન્ટોમેન્ટ બોર્ડ/ વિકાસ સત્તામંડળે શૌચાલયની જરૂરિયાત નક્કી કરવા માટે આકારણી હાથ ધરેલી હોવી જોઈએ.

૪. જ્યાં RWAs અને હાઉસિંગ સમિતિ નથી ત્યાં ULBએ વિસ્તારના લોકો સાથે પરામર્શ કરીને આ હેતુ માટે સુપ્રીમ ધોરણે સમિતિની રચના કરવી.

## SBM ODF+ જાહેર કરવાના પ્રોટોકોલ

શહેર/ વોર્ડ / વર્ક સર્કલને ODF+ જાહેર કરવા માટે નીચેની રૂપરેખા અપનાવવામાં આવશે.

તમામ જરૂરી શરતોનું શહેર/ વોર્ડ / વર્ક સર્કલ દ્વારા પાલન કરવું પડશે.

શહેરના દરેક વોર્ડ/ સર્કલ પાસેથી અપવાદ વગર વોર્ડ/ વર્ક સર્કલ ને SBM ODF+ જાહેર કરવા અંગેનું ઘોષણા પત્ર મેળવવું જરૂરી છે.

એકવાર બધા જ વોર્ડ/ વર્ક સર્કલ પાસેથી ઘોષણાપત્ર મેળવ્યા બાદ ULB/ વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ શહેરને ODF+ જાહેર કરતો પ્રાથમિક ઠરાવ પસાર કરશે અથવા પ્રાદેશિક દૈનિકમાં જાહેરનામુ બહાર પાડશે.

વોર્ડ/ વર્ક સર્કલ ની દરેક શાળા સ્વયં ઘોષણાપત્ર આપશે કે નોંધાયેલ તમામ વિદ્યાર્થીઓ, સ્ટાફ અને શિક્ષકો નિયમિત રીતે ઘરે અથવા સામુદાયિક શૌચાલયમાં અને શાળામાં શૌચાલયનો ઉપયોગ કરે છે અને આ શૌચાલય બધા જ શૌચાલય માટે નક્કી કરેલ જરૂરી શરતો મુજબ કાર્યરત છે અને સારી રીતે નિભાવવામાં આવે છે.

વોર્ડ/ વર્ક સર્કલમાં ઓછામાં ઓછા પાંચ ટકા (લઘુતમ 5 સંખ્યા) RWA/ હાઉસિંગ સમિતિ ઘોષણા પત્ર આપશે કે બિન રહેણાંક ઘરેલું કામદારો, બાંધકામના કામદારો અને અન્ય એવા કામ કરનારા/ મુલાકાતી માટે શૌચાલય ની સુવિધા છે જે દરેક સમયે ચોખ્ખા અને વપરાશ કરી શકાય તેવા હોય છે.

વોર્ડ/ વર્ક સર્કલમા સક્રિય દરેક સેલ્ફ હેલ્થ ગ્રુપ સ્વયં ઘોષણાપત્ર આપશે કે તે વોર્ડના તમામ રહીશોને ઘરે અથવા સમુદાયમાં શૌચાલય ની સુવિધા છે અને નિયમિત વપરાશ કરે છે અને આ શૌચાલય કાર્યરત છે અને યોગ્ય રીતે નિભાવવામાં આવે છે.

આ માટે યોગ્ય જાહેર સૂચના બહાર પાડવામાં આવશે.

દરેક વોર્ડ કાઉન્સિલર/ વર્ક સર્કલ ઇન્ચાર્જ અથવા એન્જિનિયર (વિકાસ સત્તામંડળના હદ વિસ્તાર માટે) ઘોષણાપત્ર આપશે કે તેમની હદના તમામ વ્યક્તિગત સામુદાયિક અને જાહેર શૌચાલય તમામ જરૂરી શરતોનું

છ નાગરિક વર્ગો (દરેક વર્ગ દીઠ પાંચ પ્રતિનિધિઓ) ઘોષણાપત્ર આપશે કે જાહેર અને વાણિજ્ય વિસ્તારોમાં દર એક કિલોમાં કાર્યરત/ સ્વચ્છ અને વપરાશ યોગ્ય જાહેર શૌચાલય છે.

૧૫ દિવસની સમય મર્યાદામાં જનતાના ઉદ્દેશો/ પ્રતિભાઓ આમંત્રિત કરવામાં આવશે.

શહેરના તમામ વોર્ડ આ સ્વયં ઘોષણાપત્ર આપશે અને આગળની કાર્યવાહી અર્થે ULB રજૂ કરશે.

રાજ્ય સરકારે થર્ડ પાર્ટી મૂલ્યાંકન પ્રક્રિયા માટે વિનંતી મોકલતા પહેલા શહેરે કરેલ દાવાની પૂર્તતા કરવી જોઈએ.

જો કોઈ સ્થિર હેતુ ન મળે અથવા મુદ્દા નો નિકાલ થયા બાદ ULB/ કેન્ટોનમેન્ટ બોર્ડ/ વિકાસ સત્તા મંડળ દ્વારા અંતિમ/ નિર્ણાયક ઠરાવ સ્વીકારવામાં આવશે અને તે સંબંધિત રાજ્ય સરકારને આપવામાં આવશે.

**પ્રોટોકોલ ની વિગતવાર સમજ નીચે વિગતે છે.**

(૧) શહેર/ વોર્ડ દ્વારા માળખાકીય અને નિયમનકારી બધી જ જરૂરી શરતોનું પાલન કરવામાં આવે છે.[૧] ઉપરોક્ત એકની પરિપૂર્ણતા બાદ શહેરના/ નગરના દરેક વોર્ડ/ વર્ક સર્કલ પાસેથી તે સંલગ્ન વોર્ડ/ વર્ક સર્કલને અપવાદ વગર ODF+જાહેર કર્યાનું ઘોષણા પત્ર મેળવવું જોઈએ. શહેર/ નગરના તમામ વોર્ડ/ વર્ક સર્કલે આ સ્વયં ઘોષણાપત્ર આપવું અને તે યોગ્ય પ્રક્રિયા મુજબ શહેરના મ્યુનસિપાલિટી વહીવટ/ વીકાસ સત્તા મંડળ ને રજુ કરવુ.

(૨) ઉપરોક્ત સ્વયં ઘોષણા પત્રોની સરળતા માટે મ્યુનિસિપલ વહીવટ/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડ/વોર્ડ/ વર્ક સર્કલ દ્વારા લાગુ પડતાં સ્વયં ઘોષણા પત્ર મેળવવા જોઈએ.

(i) વોર્ડ/ વર્ક સર્કલ ની દરેક શાળા (ODF સર્ટીફીકેટ બાદ બંધાયેલ શાળા સહિત) સ્વયં ઘોષણાપત્ર આપશે કે નોંધાયેલ તમામ વિદ્યાર્થીઓ[૨], સ્ટાફ અને શિક્ષકો નિયમિત રીતે ઘરે અથવા સામુદાયિક શૌચાલયમાં અને શાળામાં શૌચાલયનો ઉપયોગ કરે છે અને બીડાણ ૧(a) અને બીડાણ ૨(b)માં આ શૌચાલય બધા જ શૌચાલય માટે નક્કી કરેલ જરૂરી શરતો મુજબ કાર્યરત છે અને સારી રીતે નિભાવવામાં આવે છે.

(ii) વોર્ડ/ વર્ક સર્કલમા સક્રિય દરેક SHG (ODF સર્ટીફીકેટ બાદ રચવામાં આવેલ SHG સહિત) સ્વયં ઘોષણાપત્ર આપશે કે તે વોર્ડના તમામ ઘરોને ઘરે અથવા સમુદાયમાં શૌચાલય ની સુવિધા છે અને નિયમિત વપરાશ કરે છે અને આ શૌચાલય કાર્યરત છે અને યોગ્ય રીતે નિભાવવામાં આવે છે.

(iii) વોર્ડ/ વર્ક સર્કલમાં ઓછામાં ઓછા પાંચ ટકા (લઘુતમ 5 સંખ્યા) RWA/ હાઉસિંગ સમિતિ ઘોષણા પત્ર આપશે કે તેમની જગ્યામાં જ બિન રહેણાંક ઘરેલું કામદારો/ સ્ટાફ[૩], બાંધકામના કામદારો અને અન્ય એવા કામ કરનારી વસ્તી કે જે નીયમીત રીતે અથવા કોઇ સમયે વધારાના કલાકો/ દિવસો માટે સોસાયટી/ કોલોનીની મુલાકાત લે છે તેમના માટે શૌચાલયની સુવિધા છે જે દરેક સમયે ચોખ્ખા અને વપરાશ કરી શકાય તેવા હોય છે.

(iv) છ નાગરિક વર્ગો[૪] (દરેક વર્ગ દીઠ પાંચ પ્રતિનિધિઓ) ઘોષણાપત્ર આપશે કે વોર્ડમાં જાહેર અને વાણિજ્ય વિસ્તારોમાં દર એક કિલોમીટરમાં કાર્યરત/ સ્વચ્છ અને વપરાશ યોગ્ય જાહેર શૌચાલય છે.

(v) દરેક વોર્ડ કાઉન્સિલર/ વર્ક સર્કલ ઇન્ચાર્જ અથવા એન્જિનિયર[૫] (વિકાસ સત્તામંડળના હદ વિસ્તાર માટે) ઘોષણાપત્ર આપશે કે તેમની હદના તમામ વ્યક્તિગત સામુદાયિક અને જાહેર શૌચાલય તમામ જરૂરી શરતોનું પાલન કરે છે.

(૩) ઉપર મુજબ પરિપૂર્ણતા બાદ સીટી મ્યુનસિપાલિટી વહીવટ/ વિકાસ સત્તામંડળએ શહેરને SBM ODF+ જાહેર કરતો પ્રાથમિક ઠરાવ પસાર કરવો અથવા બહોળો પ્રચાર ધરાવતા બે દૈનિકમાં જાહેરનામું બહાર પાડવુ.

(a) આવા ઠરાવ જાહેરનામા બાદ તે અંગે જાહેરમાં યોગ્ય જાહેરાત કરવી સાથે સાથે બહોળો પ્રચાર અને વાંચન ધરાવતા ઓછામાં ઓછા બે સમાચાર પત્રમાં જનતા પાસેથી પ્રતિભાવ/ મુદ્દાઓ દિન ૧૫ની સમયમર્યાદામાં આમંત્રિત કરવા.

(૪) નિશ્ચિત સમયના અંતે જો કોઈ સ્થિર મુદ્દો ના મળે તો સિટી મ્યુનસિપાલિટીના વહીવટ/ વિકાસ સત્તા મંડળ દ્વારા નિર્ણય ઠરાવ સ્વીકારવામાં આવશે અને તે સંલગ્ન રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે.

(૫) જણાવેલ માહિતી મળતાં રાજ્ય સરકારે શહેરને SBM ODF+ બનાવવાનું સ્ટેટસ વિધિપૂર્વક આપતા પહેલા (નિશ્ચિત સમય આધારિત પ્રક્રિયામાં) થર્ડ પાર્ટી મૂલ્યાંકન પ્રક્રિયા દ્વારા શહેરના દાવાની ચકાસણી કરાવવી.

(૬) મંત્રાલય SBM ODF+ માટે સ્વચ્છ પ્રમાણપત્ર ની પ્રક્રિયા હાથ ધરશે (વિગતો આ દસ્તાવેજમાં પાછળ છે) આપવામાં આવે પ્રમાણપત્ર છ માસ માટે માન્ય રહેશે અને દર છ માસે પ્રમાણપત્રની પ્રક્રિયા કરવાની રહેશે. જો પ્રમાણપત્ર માં નિષ્ફળતા રહે તો સંલગ્ન શહેર ફરીથી SBM ODF+ માટે સ્વચ્છ પ્રમાણપત્ર માટે વિનંતી કરે તે પહેલાં (પ્રમાણપત્રની નિષ્ફળતા તારીખથી) એક માસનો કૂલિંગ ઓફ પીરીયડ (સમયગાળો) મળવાપાત્ર રહેશે.

૧. સંબંધિત વિસ્તાર વિકાસ સત્તા મંડળના કાર્યક્ષેત્રમાં આવતો હોય તો જ વર્ક સર્કલ લાગુ પડે છે.
૨. બધા નોધાયેલ વિદ્યાર્થીઓ એટલે શહેર/નગરની વહિવટી હદના શહેરી વિસ્તારમાં રહેતા હોય તેવા.
૩. ઘરેલુ કામદારો, બાંધકામના કામદારો, નિભાવણી સ્ટાફ, સિક્યુરીટી સ્ટાફ, ડ્રાઈવર સહિત
૪. નાગરિકોના વર્ગ - દુકાનમાલિકો, શેરી ફેરિયાઓ, બસ ડ્રાઈવરો, ઓટો/ રીક્ષા ડ્રાઈવર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી કર્મચારીઓ.
૫. વિકાસ સત્તામંડળ ની હદ વિસ્તાર ની પરિસ્થિતિઓ માટે જ.

## ODF+ સંમતીપત્ર/ ઘોષણાપત્રના નમુના

### ૧. શહેર/ નગર દ્વારા સંમતી આપવાનો નમુનો

હું, .................... (ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ)નો મેયર/ અધ્યક્ષ/ CEO ........................ (નામ) આથી જાહેર કરુ છું કે:

a) ULB/ વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડે મ્યુનિસિપલ બાય લોઝ માં (મ્યુનિસિપલ વહીવટની ગેરહાજરીમાં તેના સમાંતર) દર્શાવેલ SBM ODF+ માટે જણાવેલ બધી જ શરતોમાંથી આ પ્રોટોકોલ દસ્તાવેજમાં જણાવેલ ઓછામાં ઓછું એક નું પાલન કરતું જાહેરનામું બહાર પાડેલ છે અને બહોળો ફેલાવો ધરાવતા ઓછામાં ઓછા બે દૈનિકમાં પ્રસિદ્ધ કરેલ છે.

b) એક જ સ્થળ પર મોટા મેળાવડાઓ ના પ્રસંગ દરમિયાન ઉપયોગ માટે શહેર પાસે પૂરતા પ્રમાણમાં મોબાઈલ ટોયલેટ/ શૌચાલયની સુવિધા છે જેમ કે આવા પ્રસંગો વારંવાર ન થતાં હોવાની સ્થિતિ ધ્યાને લીધા વગર જો વર્તમાન સુવિધા પૂરતી ના હોય તો તેવી શૌચાલય ની ઉચ્ચ માંગની પરિસ્થિતિમાં.

c) શહેરોએ તમામ સમુદાયીક/ જાહેર શૌચાલયનું માળખાકીય ઓડિટ કરેલ છે અને તારણોને આધારે જરૂરી મરામત અને નવીનીકરણ કરેલ છે.

d) શહેરે ખુલ્લામાં શૌચક્રિયા કરનાર સામે દંડની જોગવાઈ બહાર પડેલ છે અને અધિસુચિત કરેલ છે અને સામુદાયિક જાહેર શૌચાલયના સેવા કરારમાં હોય તેવી સવલત પૂરી પાડનાર સંસ્થા સામે ફી/ દંડ નક્કી કરેલ છે. (જો આવા શૌચાલયોની નિભાવણી માં અભાવ હોય તો).

e) શહેર/ નગરના બધા જ વોર્ડ કાન્સીલ્સ/ વર્ક સર્કલ ઇન-ચાર્જ/ એન્જીનીયરોએ SBM ODF+ બાબતમાં પોતાનું સ્વયં-ઘોષણાપત્ર આપેલ છે.

f) શહેર/ નગરને SBM ODF+ જાહેર કરવા માટે પ્રાથમિક ઠરાવ થયેલ છે.

g) આવા ઠરાવ જાહેરનામા બાદ તે અંગે જાહેરમાં યોગ્ય જાહેરાત કરેલ છે, સાથે સાથે બહોળો પ્રચાર અને વાંચન ધરાવતા ઓછામાં ઓછા બે સમાચાર પત્રમાં જનતા પાસેથી પ્રતિભાવ/ મુદ્દાઓ દિન ૧૫ની સમયમર્યાદામાં આમંત્રિત કરેલ છે.

h) નક્કિ કરેલ સમય મર્યાદામાં કોઇ મુદ્દાઓ મળેલ નથી/ જનતા પાસેથી મળેલ મુદ્દાઓ અને પ્રતિભાવોને સંબોધીત કરીને આ કચેરી દ્વારા SBM ODF+ સ્ટેટસ બાબતે આખરી/ નિર્ણાયક ઠરાવ મંજૂર કરવામાં આવેલ છે.

i) આ આખરી ઠરાવ રાજ્ય સરકારને આગળની પૂર્તતા માટે મોકલી આપેલ છે. (જો આગળ મોકલવાનું નક્કિ થયેલ હોય તો)

ઉપર જણાવ્યા મુજબ, .................... (શહેર/ નગરનું નામ)ને આથી SBM ODF+ જાહેર કરવામાં આવે છે.

હવે, MoHUAને ................ (શહેર/નગરનું નામ) માટે SBM ODF+ સ્વચ્છ પ્રમાણપત્ર માટેની પ્રક્રીયા હાથ ધરવાની વિનંતી છે.

....................................................

(મેયર/ અધ્યક્ષ/ CEOની સહિ અને નામ)

તારીખ:

સિક્કો:

## ૨. દરેક વોર્ડ કાઉન્સીલર/ વર્ક સર્કલ ઇન-ચાર્જ કે એન્જીનીયરે  સંમતી આપવાનો નમુનો

હું, .................... (ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ)ના ................ (વોર્ડ/ સર્કલની વિગત)નો વોર્ડ કાઉન્સીલર/ વર્ક સર્કલ ઇન-ચાર્જ કે એન્જીનીયરે  આથી જાહેર કરુ છું કે:

A) દરેક ઘરો કે જ્યાં શૌચાલય બનાવવાની સુવિધા છે કે ત્યાં શૌચાલય બાંધવામાં આવેલ છે. બધા વ્યક્તિગત શૌચાલય કાર્યરત છે અને પાણીની સુવિધા સાથે સારી રીતે નિભાવવામાં આવે છે.

B) એવા ઘરો કે જ્યાં શૌચાલય બાંધવાની જગ્યા નથી તેવા દરેક વસવાટકારોને કાર્યરત હોય તેવા સમુદાયીક શૌચાલયની સુવિધા ૫૦૦ મીટરના અંતરમાં પૂરી પાડે છે.

C) દરેક જાહેર સ્થળો અને વાણિજ્ય વિસ્તારમાં એક કિલોમીટરના અંતરમાં જાહેર સૌચાલયની સુવિધા છે.

D) શૌચાલયની સીટ અને બ્લોક નક્કી કરતી વખતે શહેરની તમામ અસ્થાયી વસ્તીને ધ્યાને લીધી છે.

E) વોર્ડ/ વર્ક સર્કલમાં ઓછામાં ઓછા પાંચ ટકા (લઘુતમ 5 સંખ્યા) RWA/ હાઉસિંગ સમિતિ ઘોષણા પત્ર આપશે કે તેમની જગ્યામાં જ બિન રહેણાંક ઘરેલું કામદારો, બાંધકામના કામદારો અને અન્ય એવા કામ કરનારી વસ્તી કે જે નીયમીત રીતે અથવા કોઇ સમયે વધારાના કલાકો/ દિવસો માટે સોસાયટી/ કોલોનીની મુલાકાત લે છે તેમના માટે શૌચાલયની સુવિધા છે જે દરેક સમયે ચોખ્ખા અને વપરાશ કરી શકાય તેવા હોય છે.

F) દરેક કાર્યરત જાહેર અને સામુદાયિક શૌચાલયનું યોગ્ય રીતે ધ્યાન રાખવામાં આવે છે અને સારી રીતે નિભાવવામાં આવે છે તથા સ્કોરિંગ ફ્રેમવર્ક મુજબ દરેક શૌચાલય ઓછામાં ઓછા ૯૦% ગુણ સાથે નીચેની શરતોનું પાલન કરે છે.

- પાણીની સુવિધા
- દરેક શૌચાલય બેઠક અને યુરીનલ સ્વચ્છ અને દરેક સમયે વાપરી શકાય તેમ છે.
- વોશ બેસિન સ્વચ્છ અને દરેક સમયે વાપરી શકાય તેમ છે.
- નિયમિત સ્વચ્છતા અને નિભાવણી માટે રોસ્ટર નિભાવવામાં આવે છે અને કાળજી લેનાર ખુલ્લા રહેતા સમયગાળા દરમ્યાન બધા જ સમયે ફરજ પર હોય છે.
- શૌચાલય ના ભોંયતળિયા બધા જ સમયે વાળેલા અને પોતુ કરેલ છે.
- દર્પણ, જો હોય તો, ચોખ્ખું અને પોલીસ કરેલું છે.
- દરેક દરવાજા પર કુંડી ની વ્યવસ્થા કાર્યરત છે.
- સાબુ અને સાબુ વિતરક ઉપલબ્ધ છે અને  કાર્યરત છે.
- દરેક ટોઇલેટ સીટ સાથે કચરાપેટી સહિતની કચરાપેટીઓ છે અને તે નિયમિત સાફ કરવામાં આવે છે.
- જગ્યા બધો જ સમય પૂરતી પ્રકાશિત છે જ્યાં દરેક બેઠક પર તેનો પોતાનો લાઈટ પોઈન્ટ છે અને દરેક લાઈટ ચાલુ હાલતમાં છે.
- હવાની અવરજવર ની પુરતી સુવિધા છે. (વેન્ટ્સ - છિદ્રો, ઢળતા કાચ અને/ અથવા એક્ઝોસ્ટ

પંખો)

- લીકેજ ન હોય અને વાપરી શકાય તેવા નળ અને ફિટિંગ્સ અથવા ખુલ્લા રહેવાના કલાકોના તમામ સમયગાળામાં પાણી પ્રાપ્ત થાય તેવી બાંધકામ ની અંદર કે બહાર પાણીની ટાંકી છે.
- જાતિ ભિન્નતા (જો એક જ બ્લોક માં બે સુવીધા હોય તો) પુરુષ અને સ્ત્રીઓ માટે અલગ પ્રવેશની વ્યવસ્થા છે.
- ખાસ કરીને અશક્તિ વ્યક્તિ સહિત શૌચાલય બ્લોકના પ્રવેશ/ રેમ્પ/ સીડી જેવી ઉપલબ્ધતાઓ અવરોધ મુક્ત છે.
- સ્પષ્ટપણે સાઈનેજ સાથે આવતા જતા લોકોને દેખાય તેવી જગ્યા છે અને બાંધકામ માળખાની બધી બાજુ ત્રણ મીટરના વિસ્તારમાં બિન અધિકૃત બાંધકામ કે ફેરિયાઓ દ્વારા દબાણ કરવામાં આવેલ નથી.
- શૌચાલયનો સારવાર ન થયેલ ફિકલ સલજ/ સેપ્ટેજ અને સિવેજ (કાદવ) ગટર, ખુલ્લી જગ્યા કે પાણીજન્ય એકમોમાં ખાલી કરવામાં અને/અથવા પૂરવામાં આવતો નથી.
- સ્ટાફની ઉપયોગી વસ્તુઓ, સુરક્ષા માટેનો સામાન, સફાઈના સાધનો અને માલસામાનનો જરૂરી પુરવઠો પુરો પાડવામાં આવે છે અને ૨૪ કલાકથી વધુ સમય માટે કોઈ પુરવઠો અપ્રાપ્ય નથી.
- નીચેના તમામના નામ અને સંપર્ક નંબર મુખ્યત્વે આગવી રીતે પ્રદર્શિત કરેલ છે - સુપરવાઇઝર, સુપરવિઝન સંસ્થા અને તે વિસ્તારનો સેન્ટર ઇન્સ્પેક્ટર.
- ફરિયાદ નોંધણી અને નિવારણ પદ્ધતિ છે અને તે કાર્યરત છે અને તમામ ફરિયાદો, નિભાવણીના પ્રશ્નો અથવા બનાવોનો ૨૪ કલાકમા નિકાલ કરવામાં આવે છે.
- જાહેર/ સામુદાયિક શૌચાલયો SBM શૌચાલય તરીકે ગૂગલ મેપ ટોયલેટ લોકેટર પર દૃશ્યમાન છે.

G) ઓછામાં ઓછું એક અથવા ૧૦ ટકામાંથી જે વધુ હોય તે મુજબ કાર્યરત જાહેર અને સામુદાયિક શૌચાલય માં સ્કોરિંગ માળખા મુજબ દરેક શૌચાલય નીચેની વધારાની શરતોનું પાલન કરે છે.

- દીવાલો અને તળિયા સ્વચ્છ અને ડાઘ/ ચિત્રામણી મુક્ત છે.
- હાથ સૂકવવાનું મશીન/ પેપર નેપકિન્સ ઉપલબ્ધ છે.
- બાળકો માટે નીચી ઊંચાઈવાળા શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે.
- નાહવાની સુવિધા ઉપલબ્ધ છે.
- સ્ત્રીઓના શૌચાલયમાં સેનેટરી નેપકીન વેડિંગ મશીન અને સેનેટરી નેપકીન માટે પર્યાપ્ત નિકાલની પદ્ધતિ છે.
- એર ફ્રેશર ઉપલબ્ધ છે અને તેનો ઉપયોગ થાય છે.
- આવક મેળવવા માટેની જગ્યા નિર્ધારિત કરવામાં આવી છે.
- શૌચાલય કોમ્પલેસની નજીક માં છોડ/ ઝાડીને સારી રીતે જાળવવામાં આવે છે.
- વરસાદી પાણીના સંગ્રહની સુવિધા ઉપલબ્ધ છે.
- પાણીની બચત કે પુનઃ ઉપયોગ થાય તેવી ટેકનોલોજી ઉભી કરવામાં આવી છે.
- પ્રોટોકોલ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ શૌચાલય સ્વચં પરવડે તેમ છે.

વધુમાં હું જાહેર કરું છું કે મેં આ જાહેરનામુ ઔપચારીક રીતે .................. (ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ) ને આગળની જરૂરી કાર્યવાહી માટે રજુ કરેલ છે.

.....................................................

(વોર્ડ કાઉન્સીલર/ વર્ક સર્કલ ઇન-ચાર્જ કે એન્જીનીયરની સહિ અને નામ)

તારીખ:

સિક્કો:

## ૩. શાળા દ્વારા સંમતી આપવા માટેનો નમુનો

હું આથી જાહેર કરુ છું કે:

- .................... (ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ)ના વોર્ડ નંબર/ વર્ક સર્કલ............ની ................... શાળામાં (શાળાનું નામ) વિધ્યાર્થીઓની સંખ્યા ........... અને (શિક્ષકો સહિત) સ્ટાફની સંખ્યા ........... છે.
- બધા જ વિધ્યારથીઓ અને સ્ટાફ માટે શાળામાં પુરતા કાર્યરત શૌચાલય છે. શાળાના સમયે કોઇપણ વિધ્યાર્થી કે સ્ટાફ શૌચક્રીયા કે પેશાબ કરવા માટે બહાર જતો નથી.
- શૌચાલયો સારી રીતે નિભાવવામાં આવે છે અને શૌચાલયો માટેની બધી જ જરૂરી શરતો (SBM ODF+ પ્રોટોકોલના બીડાણ ૧ (A) અને ૧ (B) મુજબ)નું પાલન કરવામાં આવે છે.
- શાળામાં દરેક વિધ્યાર્થી તેમના ઘરના સભ્યો સહિત ઘરે કે નજીકના સામુદાયીક શૌચાલયનો શૌચક્રીયા કે પેશાબ કરવા માટે ઉપયોગ કરે છે.
- દરેક વિધ્યાર્થી અને સ્ટાફનું સ્વયં-સંમતીપત્ર આ સાથે સામેલ છે. (બીડાણ ૨ અને ૩ જોવું)

...................................................

(શાળાના આચાર્ય/ હેડ માસ્ટર/ હેડ મીસ્ટ્રેસની સહિ અને નામ)

તારીખ:

## ૪. સ્વ સહાય જુથો દ્વારા સંમતી આપવા માટેનો નમુનો

આથી જાહેર કરવામાં આવે છે કે, .................... (ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ)ના વોર્ડ નંબર/ વર્ક સર્કલ........... માં આવેલ ...................... (SHGનું નામ) સ્વ સહાય જૂથના તમામ સભ્યો મળીને .................... સભ્યો, જેના નામ આ સાથે બીડાણ કરેલ છે, તેમના કુટુંબના સભ્યો સહિત, ઘરે/ નજીકના સામુદાયીક શૌચાલય શૌચક્રીયા અને પેશાબ માટે વાપરે છે અને આ શૌચાલય કાર્યરત છે અને પાણીની સુવિધા સાથે સારી રીતે નિભાવવામાં આવે છે અને વોર્ડ નંબર/ વર્ક સર્કલ ..............માં કાર્યરત અને સારી રીતે નિભાવવામાં આવતા જાહેર અને સામુદાયીક શૌચાલયો છે કે જેથી એક પણ વ્યક્તિ ખુલ્લામાં શૌચક્રીયા કે પેશાબ જતુ નથી.

...................................................

(સ્વ સહાય જૂથનાઅ પ્રમુખની સહિ અથવા અંગુઠાની નિશાની અને નામ)

તારીખ:

(SHG સભ્યોના નામની યાદી બીડેલ છે.)

## ૫. રેસીડેન્શીયલ વેલફેર એસોશીયેશન/ હાઉસીંગ સમિતીએ સંમતી આપવાનો નમુનો

આથી જાહેર કરવામાં આવે છે કે, ..................... (ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ)ના વોર્ડ નંબર/ વર્ક સર્કલ............ માં આવેલ ........................ (રહેણાંક સોસાયટી/ કોલોની/ વિસ્તારનું નામ)ના ................. (RWA/ હાઉસીંગ અથવા મહોલ્લા સમિતીનું નામ) પાસે સોસાયટી/ કોલોની હદ વિસ્તારમાં બીન-રહેણાંક કામદારો/ સ્ટાફ (જેમાં ઘરેલુ કામદારો, બાંધકામના કામદારો, નિભાવણી સ્ટાફ, સિક્યુરીટી સ્ટાફ, નોકરી પર રાખેલ ડ્રાઇવર્સનો સમાવેશ થાય છે.) એટલે કે કોઇપણ કામ કરનાર લોકો કે જેઓ નિયમીત રીતે કે કામના વધારાના કલાકો/ દિવસોના સમયે સોસાયટીની/ કોલોનીની મુલાકાત લે છે તેઓ માટે શૌચાલયની સુવિધા અને આ શૌચાલય સ્વચ્છ અને દરેક સમયે વાપરી શકાય તેવા છે.

.....................................................

(RWA/ હાઉસીંગ અથવા મહોલ્લા સમિતીની સહિ અને નામ)

તારીખ:

## ૬. નાગરીકોના પ્રતિનિધિઓ દ્વારા સંમતી આપવા માટેનો નમુનો

હું, ..................... (ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ)ના.................. (નાગરિક સમુહનું નામ) વતી અધિકૃત કરેલ પ્રતિનિધિ ...................... આથી જાહેર કરુ છું કે વોર્ડ નંબર/ વર્ક સર્કલ ............. ના જાહેર અને વાણીજ્ય વિસ્તારોમાં દર ૧ (એક) કિલોમીટરના અંતરમાં કાર્યરત, સ્વચ્છ અને વાપરી શકાય તેવા જાહેર શૌચાયો ઉપલબ્ધ છે.

.....................................................

(નાગરીક સમૂહના અધિકૃત કરેલ પ્રતિનિધિની સહિ અને નામ)

સરનામુ:

ફોન નંબર:

તારીખ:

## SBM ODF+ માટે સ્વચ્છ પ્રમાણપત્ર

એકવાર શહેરએ પોતાને SBM ODF+ જાહેર કર્યા અંગેનો આખરી ઠરાવ સંબંધિત રાજ્ય સરકારને મોકલી આપેલ હોય અને રાજ્ય સરકારે તે MoHUA ને મોકલી આપેલ હોય અથવા (વિકાસ સત્તામંડળો અથવા કેન્ટોનમેન્ટ બોર્ડની પરિસ્થિતિમાં સીધું જ MoHUA ને મોકલી આપેલ હોય) તો નિર્ણાયક SBM ODF+ પ્રમાણપત્ર માટે (SBM ODF+ માટે સ્વચ્છ પ્રમાણપત્ર)થર્ડ પાર્ટી પ્રક્રિયા અપનાવાવાની થાય છે.

જો પ્રમાણપત્રમાં નિષ્ફળતા મળે તો સંબંધિત શહેરને SBM ODF પ્રમાણપત્ર માટે ફરી વિનંતી કરતાં પહેલાં એક માસનો કૂલિંગ ઓફ પીરીયડ (પ્રમાણપત્ર નિષ્ફળતાની તારીખથી) આપવામાં આવે છે.

ત્યારબાદ SBM ODF+ ના પ્રમાણપત્ર અંગેની કામગીરી નિશ્ચિત સમયે કરવામાં આવશે (દર છ માસે) જેથી ખાતરી થાય કે SBM ODF+ ના સ્તરમાં કોઈ ઘટાડો થયેલ નથી.

## SBM ODF+ સ્વચ્છ પ્રમાણપત્ર મેળવવા માટે નીચેના પ્રોટોકોલ અનુસરવાના રહેશે

શહેરએ પોતાને SBM ODF+ જાહેર કર્યા બાદ રાજ્ય મિશન ડાયરેક્ટરને અથવા જો વિકાસ સત્તા મંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડ હોય તો સીધી જ MoHUAને મોકલશે.

→ શહેર/ રાજ્યની MoHUAને વિનંતી પર (MoHUA દ્વારા પસંદ કરવામાં આવેલ) થર્ડ પાર્ટી આકારણીકારને ૩૦ દિવસના સમયગાળામાં ચકાસણી કરવા માટે મોકલી આપશે.

→ શરુઆતની ચકાસણી (સેવા સ્તર સ્થિતિ ચકાસવી + સ્વતંત્ર નિરિક્ષણ કરવુ.)

→ ચકાસણીના પરિણામોને આધારે થર્ડ પાર્ટી શહેરોને SBM ODF+ પ્રમાણિત કરવા માટે અને MoHUAને ભલામણ કરશે

→ થર્ડ પાર્ટીની ભલામણને આધારે MoHUA શહેરને પ્રમાણપત્ર આપશે

→ ઇસ્યૂ કર્યાની છેલ્લિ તારીખથી દર છ મહિને પુનઃ પ્રમાણિત કરાવવું જરૂરી છે

→ પુનઃ પ્રમાણપત્ર માટે વિનંતી મળ્યા પછી ૩૦ દિવસમાં થર્ડ પાર્ટી શહેરમાં સ્વતંત્ર નિરીક્ષણ હાથ ધરશે. (SLSની ચકાસણી કરવામાં આવશે નહિ.

સ્વચ્છ પ્રમાણપત્ર મેળવવા માટે નીચેના પ્રોટોકોલ અનુસરવાના રહેશે

A) શહેરએ પહેલીવાર પોતાની જાતે જ SBM ODF+ તરીકે સ્વયં ઘોષણા કરશે અને રાજ્યના SBM મિશન ડાયરેકટરને મોકલી આપશે જે ત્યારબાદ MoHUA ને મોકલવાની રહેશે અથવા વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડ અંતર્ગત સીધી જ MoHUA ને મોકલવાની રહેશે.

B) શહેર/ રાજ્યની MoHUAને વિનંતી પર (MoHUA દ્વારા પસંદ કરવામાં આવેલ) થર્ડ પાર્ટી આકારણીકારને ૩૦ દિવસના સમયગાળામાં ચકાસણી કરવા માટે મોકલી આપશે.

C) શરૂઆતની ચકાસીના ભાગરૂપે, થર્ડ પાર્ટી સેવા સ્તર સ્થિતિની આકારણી સાથે-સાથે સ્વતંત્ર નિરીક્ષણ પણ હાથ ધરશે.

D) ચકાસણીના પરિણામોને આધારે થર્ડ પાર્ટી શહેરોને SBM ODF+ પ્રમાણિત કરવા માટે અને MoHUAને ભલામણ કરશે.

E) થર્ડ પાર્ટીની ભલામણને આધારે MoHUA શહેરને પ્રમાણપત્ર આપશે.

F) પ્રમાણપત્ર આપવામાં આવે ત્યારબાદ દર છ મહિને પુનઃ પ્રમાણિત કરાવવું જરૂરી છે.

G) પુનઃ પ્રમાણપત્ર માટે વિનંતી મળ્યા પછી ૩૦ દિવસમાં થર્ડ પાર્ટી શહેરમાં સ્વતંત્ર નિરીક્ષણ હાથ ધરશે.

H) તે વાતનું ધ્યાન રાખવું કે પુનઃ ચકાસણી દરમિયાન સેવા સ્તરની સ્થિતિને પુનઃ ચકાસવામાં આવશે નહીં.

## SBM ODF+ માટેના સ્વચ્છ પ્રમાણપત્ર માટેની કામગીરીની પધ્ધતિ

ચકાસણી પ્રક્રિયા બે ભાગમાં હાથ ધરાશે.

૧) સેવા સ્તર સ્થિતિ

૨) સ્વતંત્ર નિરીક્ષણ

### A) સેવા સ્તરની સ્થિતિ

i) ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ પાસેથી નક્કી કરવામાં આવેલ પ્રોટોકોલ મુજબ ચકાસણી પ્રક્રિયા દ્વારા અગાઉથી જ પ્રાથમિક માહિતી મેળવી લેવામાં આવે છે.

ii) સમીક્ષા કરવા માટે થર્ડ પાર્ટી આકારણીકાર ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડની મુલાકાત લેશે અને પ્રક્રિયા સ્વતંત્ર અને પૂર્વગ્રહ રહિત ચાલે તેની ખાતરી કરીને પદ્ધતિસર માહિતી ભેગી કરશે.

### B) સ્વતંત્ર નિરીક્ષણ

i) નિરીક્ષણને સરળ કરવા માટે SBM ODF+ જાહેર કર્યા બાદ ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડએ ફરજિયાત પણે MoHUA ને સંપૂર્ણ સિટી પ્રોફાઇલ (શહેરની રૂપરેખા) પૂરી પાડવાની રહેશે.

ii) થર્ડ પાર્ટી આકારણીકાર દ્વારા ભૌતિક નિરીક્ષણ ને આધારે માહિતી ભેગી કરવામાં આવશે.

iii) મંત્રાલય સાથે જોડાણમાં રહી માહિતી એકઠી કરવામાં સરળતા ખાતર પ્રશ્નોત્તરી બનાવવામાં

આવશે.

iv) મોજણીકાર ફોટોગ્રાફની સાથે-સાથે તેના નિરીક્ષણો અને તારણો નોધવા માટે આઇટી આધારિત ઉપકરણોનો ઉપયોગ કરશે.

v) થર્ડ પાર્ટી સ્થળ નિરીક્ષણ માટેના પુરાવા રૂપે પદ્ધતિસર ફોટો એકઠા કરશે જેમાં ખાતરી રાખશે કે બધા જ ફોટો પર સ્થળ, તારીખ અને સમય નોંધાયેલ છે.

vi) ચકાસણી માટે વસ્તીના આધારે શહેરોને નીચે મુજબ ભાગ પાડવામાં આવશે. શહેરોના વિસ્તારને આધારે તેને ઝોનમાં વહેંચવામાં આવશે.

vii) દસ લાખથી વધુની વસતિ ધરાવતા શહેરો માટે શહેરો ચાર ઝોનમાં ઉત્તર-દક્ષિણ પૂર્વ-પશ્ચિમ વહેંચવામાં આવશે.

viii) એક થી દસ લાખની વસ્તી ધરાવતા શહેરો માટે શહેરો ચાર ઝોન ઉત્તર-દક્ષિણ પૂર્વ-પશ્ચિમ વહેંચવામાં આવશે.

ix) એક લાખથી ઓછી વસ્તીવાળા શહેરને ઉત્તર અને દક્ષિણ બે ઝોન માં વહેંચવામાં આવશે.

x) સામુદાયિક/ જાહેર શૌચાલય ચકાસણી સમયે બીડાણ ૪ માં જણાવ્યા મુજબ દરેક શૌચાલય માટે જરૂરી શરતો મુજબ સ્કોર આપવામાં આવશે અને બીડાણ ૫(a)માં જણાવેલ માળખા મુજબ દરેક શૌચાલય માટે વધારાની શરતો મુજબ સ્કોર આપવામાં આવશે. SBM ODF+ અંતર્ગત શરતોનું પાલન કરી લાયક થવા માટે સામુદાયિક જાહેર શૌચાલય ઓછામાં ઓછા ૯૦ ટકા સ્કોર પ્રાપ્ત કરવો જરૂરી છે.

xi) બધી જગ્યાએ ULBના હદ વિસ્તારની અંદરની હશે અને થર્ડ પાર્ટીની વિવેકબુદ્ધિથી નક્કી કરવામાં આવશે જે ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડને જણાવવામાં આવશે નહિ.

xii) નીચે જણાવેલ ટેબલ એવા સ્થળની યાદી રજૂ કરે છે જે સ્થળ પાર્ટી દ્વારા સ્વતંત્ર નિરીક્ષણ માટે અપવાદ સિવાય ફરજીયાત ચકાસવાના છે.

| જગયાનો પ્રકાર | દરેક ઝોનમાં જગ્યાની સંખ્યા (૧૦ લાખથી વધુ) | દરેક શહેરમાં જગ્યાની સંખ્યા (૧૦ લાખથી વધુ) | દરેક ઝોનમાં જગ્યાની સંખ્યા (૧ થી ૧૦ લાખથી) | દરેક શહેરમાં જગ્યાની સંખ્યા (૧ થી ૧૦ લાખથી) | દરેક ઝોનમાં જગ્યાની સંખ્યા (૧ લાખથી ઓછી) | દરેક શહેરમાં જગ્યાની સંખ્યા (૧ લાખથી ઓછી) |
|---|---|---|---|---|---|---|
| ઝુંપડપટ્ટી | ૨ | ૮ | ૧ | ૪ | ૧ | ૨ |
| શાળા | ૧ | ૪ | ૧ | ૪ | ૧ | ૨ |
| રસ્તાઓ અને શેરીઓ (OD સ્થળ પર આવતા) | ૧ | ૪ | ૧ | ૪ | ૧ | ૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જાહેર જગ્યાઓ (બગિચાઓ/ મંદીર/ ફરવાલાયક સ્થળો) | ૧ | ૪ | ૧ | ૪ | ૧ | ૨ |
| વાણીજ્ય વિસ્તારો ( બજાર/ મંડી) | ૨ | ૮ | ૧ | ૪ | ૧ | ૨ |
| રહેણાંક વિસ્તારો | ૨ | ૮ | ૧ | ૪ | ૧ | ૨ |
| મુસાફરી માટેની જગ્યાઓ (રેલ્વે સ્ટેશન/ બસ સ્ટેશન/ અન્ય-) | શહેર દીઠ ૨ | ૨ | શહેર દીઠ ૨ | ૨ | શહેર દીઠ ૧ | ૧ |
| જળ એકમો (તળાવ, નાળા, નદી કિનારા, દરિયા કિનારા) | શહેર દીઠ ૨ | ૨ | શહેર દીઠ ૨ | ૨ | શહેર દીઠ ૧ | ૧ |
| **કુલ** | | **૪૦** | | **૨૮** | | **૧૪** |

## SBM ODF+ ચકાસણી કરતી વખતે થર્ડ પાર્ટી દ્વારા ફરજિયાતપણે અનુસરવાના પ્રોટોકોલ

૧) થર્ડ પાર્ટી આકારણી માટે આવનાર આકારણીકારના શહેરમાં આવવા અંગેની જાણ ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડના સ્ટાફને એક દિવસ અગાઉ કરશે.

૨) આકારણીકારે મ્યુનસિપાલિટી કમિશનર/ નોડલ ઓફિસર/ અધ્યક્ષ/ CEO અથવા આ હેતુ માટે તેમના દ્વારા કોઈ નિયુક્ત કરે અધિકારીને મળશે અને ત્યારબાદ જ તેઓ ચકાસણી શરૂ કરશે.

૩) આકારણિકારે સવારના વહેલા કલાકો (૪:૦૦ થી ૬:૦૦ સવારે) અને મોડી સાંજના કલાકો (સાંજના ૮:૦૦ થી ૧૦:૦૦) માં ખુલ્લામાં શૌચ ક્રિયાની ચકાસણી હાથ ધરશે કારણકે આ ખુલ્લામાં શૌચક્રિયા અને શૌચાલય ના ઉપયોગ માટેના અગ્રીમ કલાકો છે.

૪) નિયુક્ત કરેલા આકારણીકરે જગ્યાની મુલાકાત લેવાની રહેશે અને તેનો રિપોર્ટ તૈયાર /રજૂ કરવાનો રહેશે.

૫) ચકાસણી વખતે આકારનીકારની સાથે ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ નો સ્ટાફ હાજર રહેશે.

૬) જો આકારણીકાર જગ્યાને ખરી રીતે જીઓ ટેગ (જગ્યાના નામ ની સામે અક્ષાંશ અને રેખાંશ કરવામાં ) નિષ્ફળ રહે અને જો રિપોર્ટમાં મેળ ના આવે તો તે જગ્યાને રદ ગણવામાં આવશે અને ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા આના પર અને સંબંધિત બાબતો પર ફરિયાદના કિસ્સામાં થર્ડ પાર્ટી પર કિસ્સા દીઠ રૂ.૫૦૦/- નો દંડ લાદવામાં આવશે.

## SBM ODF++ : વ્યાખ્યાઓ અને જરૂરી શરતો

### SBM ODF++ શહેર/ વોર્ડની વ્યાખ્યા:

જો દિવસના કોઈપણ સમયે એકપણ વ્યક્તિ ખુલ્લામાં શૌચક્રીયા અને/ અથવા પેશાબ કરતો ના જોવા મળે, બધા જ સામુદાયીક અને જાહેર શૌચાલય કાર્યરત છે અને સારી રીતે નિભાવવામાં આવે છે, અને ફિકલ સ્લજ સેપ્ટેજ અને સીવેજ (કાદવ) સુરક્ષીત રીતે વ્યવસ્થાપન અને સારવાર કરવામાં આવે છે, જેમાં સારવાર કર્યા વગરનું ફિકલ સ્લજ/ સેપ્ટેજ અને સીવેજ ગટરો, જળ સંસાધનો અથવા ખુલ્લી જગ્યાઓમાં છોડવામાં આવતું નથી અને/ અથવા પુરાણ કરવામાં આવતું નથી તો તે શહેર/ વોર્ડ/ વર્ક સર્કલ[1]ને SBM ODF++ શહેર / SBM ODF++ વોર્ડ/ SBM ODF++ વર્ક સર્કલ જાહેર કરી શકાશે.

**નોંધ** : MoHUA દ્વારા ઠરાવવામાં આવેલ SBM ODF+ પ્રોટોકોલ મુજબ ઓછામાં ઓછા એકવાર SBM ODF+ પ્રમાણીત થયેલ શહેરો પોતાની જાતે SBM ODF++ શહેર જાહેર થવા લાયક છે અને આ પ્રોટોકોલ દસ્તાવેજમાં ઠરાવેલ શરતો મુજબ SBM ODF++ સ્થિતિ માટે અરજી કરી શકે છે.

### શહેરોને SBM ODF++ શહેર જાહેર કરતાં પહેલા હાંસલ કરવાની જરૂરી માળખાકીય અને નિયમનકારી શરતો:

1) બિડાણ 1 (B) માં દર્શાવેલ જાહેર અને સામુદાયીક શૌચાલયોની ઓછામાં ઓછી 25% વધારાની શરતોનું પાલન કર્યા સિવાય (MoHUA દ્વારા ઠરાવેલ SBM ODF+ મુજબ) SBM ODF+ માટેની તમામ જરૂરી શરતો હાંસલ કરેલ હોય.

2) તમામ શૌચાલય (વ્યક્તિગત, સામુદાયિક અને જાહેર).

a. ગટર વ્યવસ્થા

b. સુરક્ષીત કન્ટેન્મેન્ટ પધ્ધતી (જેવી કે સેપ્ટીક ટેન્ક, બે ખાળકૂવા અથવા CPHEEO અથવા SBM અર્બનની ગાઈડલાઇન્સમાં દર્શાવ્યા મુજબ અન્ય કોઈ સ્થળ પરની સેનીટેશન પધ્ધતિ)થી જોડાયેલ છે અને બિડાણ 7 માં જણાવેલ શરતો મુજબ આ શૌચાલયોના સેપ્ટેજ નિયમિત ખાલી કરવામાં, સારવાર કરવામાં અથવા/ અને સુરક્ષીત નિકાલ કરવામાં આવે છે.

3) તમામ સેપ્ટીક ટેન્ક સફાઈની સર્વિસ પૂરી પાડનારા નોંધાયેલ છે અને ULB/ સત્તા મંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા પરવાના આપવામાં આવેલ છે, સંલગ્ન વહીવટી અથવા સત્તા મંડળે સોંપેલ વિસ્તારમાં કરાર આધારિત કામગીરી કરે છે અને યાંત્રીક સાધનો[2]ને સારી રીતે નિભાવવામાં આવે છે.

4) વ્યક્તિઓ/ ડિ-સ્લજીંગ ઓપરેટરો કે જે સારવાર ના થયેલ ફિકલ સ્લજને ગટરોમાં અને/ અથવા ખુલ્લા વિસ્તારોમાં પુરાણ કરવા પર શહેરે દંડની જોગવાઈ બહાર પાડેલ છે અને અધિસુચિત કરેલ છે.

5) ULB/ સત્તા મંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડએ મ્યુનિસિપલ બાય-લોઝ (અથવા સંલગ્ન)માં SBM ODF++ માટે જણાવેલ બધી જ શરતોનું ઓછામાં ઓછું પાલન કરે છે તેવા સેનિટેશન સેવા સ્તર

બેંચમાર્ક સૂચિત કરેલ છે અને બહોળો પ્રસાર ધરાવતા ઓછામાં ઓછા બે દૈનિકમાં તે જાહેર કરેલ છે.

૧. લાગુ પડતો વિસ્તાર વિકાસ સત્તા મંડળની હદ વિસ્તારમાં હોય તો વર્ક સર્કલ લાગુ પડશે.

૨. FSSM પર નેશનલ પોલિસીની ભલામણો મુજબ.

## SBM ODF ++ પ્રમાણપત્રો માટેના પ્રોટોકોલ

શહેર/ વોર્ડ/ વર્ક સર્કલને SBM ODF++ જાહેર કરવા માટે નીચેની રૂપરેખા અપનાવવામાં આવશે.

તમામ જરૂરી શરતોનું શહેર/ વોર્ડ / વર્ક સર્કલ દ્વારા પાલન કરવું

શહેરના દરેક વોર્ડ/ સર્કલ પાસેથી અપવાદ વગર વોર્ડ/ વર્ક સર્કલ ને SBM ODF++ જાહેર કરવા અંગેનું ઘોષણા પત્ર મેળવવું જરૂરી છે.

એકવાર બધા જ વોર્ડ/ વર્ક સર્કલ પાસેથી ઘોષણાપત્ર મેળવ્યા બાદ ULB/ વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ શહેરને ODF++ જાહેર કરતો પ્રાથમિક ઠરાવ પસાર કરશે અથવા પ્રાદેશિક દૈનિકમાં જાહેરનામુ બહાર પાડશે.

દરેક વોર્ડ કાઉન્સીલર/ વર્ક સર્કલ ઇન-ચાર્જ અથવા એંજીનીયર જાહેરનામુ આપશે કે SBM ODF+ પ્રોટોકોલ મુજબ તમામ જરૂરી શરતો નિભાવવામાં આવે છે, અને જરૂરી પ્રક્રીયા મુજબ વોર્ડ/ વર્ક સર્કલને સીટી મ્યુનીસીપલ વહિવટ/ વિકાસ સત્તા મંડળે SBM ODF+ જાહેર કરેલ છે.

દરેક વોર્ડ કાઉન્સિલર/ વર્ક સર્કલ ઇન્ચાર્જ અથવા એન્જિનિયર (વિકાસ સત્તામંડળના હદ વિસ્તાર માટે) ઘોષણાપત્ર આપશે કે તેમની હદના તમામ વ્યક્તિગત સામુદાયિક અને જાહેર શૌચાલય તમામ જરૂરી શરતોનું પાલન કરે છે.

દરેક ડી સ્લજીંગ ઓપરેટ જાહેરનામુ આપશે કે તેઓ નોંધાયેલ છે અને ULB/ વિકાસ સત્તા મંડળો/ કેન્ટોન્મેન્ટ બોર્ડ દ્વારા પરવાનો મળેલ છે. રહેણાંક અથવા સામુદાયીક અને / અથવા જાહેર શૌચાલાયોમા કાદવ ખાલી કરવાની સેવા માટે કરાર આધારીત કામગીરી કરે છે અને ખાલી કરેલ કાદવ સન્યુક્ત સારવાર સુવિધાવાળા FSTP/STP; સંયુક્ત સાર્વાર સુવિધા વાળા SWM સારવાર પ્લાન્ટ સુધી પહોંચાડે છે અને સારવાર ના કરેલ ફિકલ સ્લજ/ કાદવનું ખુલ્લા વાતાવરણ/ ખુલ્લી જગ્યાએ પુરાણ કરાતુ નથી.

૧૦ નાગરિક સમૂહો (દરેક સમૂહ દીઠ પાંચ પ્રતિનિધિઓ) ઘોષણાપત્ર આપશે કે શહેર SBM ODF++ અંગેની તમામ શરતોનુ પાલન કરેલ છે.

આ માટે યોગ્ય જાહેર સૂચના બહાર પાડવામાં આવશે.

૧૫ દિવસની સમય મર્યાદામાં જનતાના ઉદ્દેશો/ પ્રતિભાઓ આમંત્રિત કરવામાં આવશે.

શહેરના તમામ વોર્ડ આ સ્વયં ઘોષણાપત્ર આપશે અને આગળની કાર્યવાહી અર્થે ULB રજૂ કરશે.

જો કોઈ સ્થિર હેતુ ન મળે અથવા મુદ્દા નો નિકાલ થયા બાદ ULB/ કેન્ટોનમેન્ટ બોર્ડ/ વિકાસ સત્તા મંડળ દ્વારા અંતિમ/ નિર્ણાયક ઠરાવ સ્વીકારવામાં આવશે અને તે સંબંધિત રાજ્ય સરકારને આપવામાં આવશે

રાજ્ય સરકારે થર્ડ પાર્ટી મૂલ્યાંકન પ્રક્રિયા માટે વિનંતી મોકલતા પહેલા શહેરે કરેલ SBM ODF++ ના દાવાની પૂર્તતા કરવી જોઈએ.

**પ્રોટોકોલની વિગતવાર સમજ નીચે વિગતે છે.**

(૧) શહેર/ વોર્ડ દ્વારા માળખાકીય અને નિયમનકારી બધી જ જરૂરી શરતોનું પાલન કરવામાં આવે છે.

ઉપરોક્ત એકની પરિપૂર્ણતા બાદ શહેરના/ નગરના દરેક વોર્ડ/ વર્ક સર્કલ[1] પાસેથી તે સંલગ્ન વોર્ડ/ વર્ક સર્કલને અપવાદ વગર ODF++ જાહેર કર્યાનું ઘોષણા પત્ર મેળવવું જોઈએ. શહેર/ નગરના તમામ વોર્ડ/ વર્ક સર્કલે આ સ્વય ઘોષણાપત્ર આપવું અને તે યોગ્ય પ્રક્રિયા મુજબ શહેરના મ્યુનસિપાલિટી વહીવટ/ વિકાસ સત્તા મંડળ ને રજુ કરવુ.

(૨) ઉપરોક્ત સ્વયં ઘોષણા પત્રોની સરળતા માટે મ્યુનિસિપલ વહીવટ/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડ/વોર્ડ/ વર્ક સર્કલ દ્વારા લાગુ પડતાં સ્વયં ઘોષણા પત્ર મેળવવા જોઈએ.

i) દરેક વોર્ડ કાઉન્સીલર/ વર્ક સર્કલ ઇન-ચાર્જ અથવા એંજીનીયર[2] જાહેરનામુ આપશે કે SBM ODF+ પ્રોટોકોલ મુજબ તમામ જરૂરી શરતો નિભાવવામાં આવે છે, અને જરૂરી પ્રક્રીયા મુજબ વોર્ડ/ વર્ક સર્કલને સીટી મ્યુનીસીપલ વહિવટ/ વિકાસ સત્તા મંડળે SBM ODF+ જાહેર કરેલ છે.

ii) દરેક વોર્ડ કાઉન્સિલર/ વર્ક સર્કલ ઇન્ચાર્જ અથવા એન્જિનિયર ઘોષણાપત્ર આપશે કે બિડાણ ૭ મુજબ તેમની હદના તમામ વ્યક્તિગત સામુદાયિક અને જાહેર શૌચાલયના ફિકલ મુદ્દાઓના વ્યવસ્થાપન અંગે તમામ જરૂરી શરતોનું પાલન કરે છે.

iii) ૧૦ નાગરિક સમૂહો[3] (દરેક સમૂહ દીઠ પાંચ પ્રતિનિધિઓ) ઘોષણાપત્ર આપશે કે શહેર SBM ODF++ અંગેની તમામ શરતોનુ પાલન કરેલ છે.

iv) દરેક ડી સ્લજીંગ ઓપરેટ (બીડાણ ૮ મુજબ) જાહેરનામુ આપશે કે તેઓ નોંધાયેલ છે અને ULB/ વિકાસ સત્તા મંડળો/ કેન્ટોન્મેન્ટ બોર્ડ દ્વારા પરવાનો મળેલ છે. રહેણાંક અથવા સામુદાયીક અને / અથવા જાહેર શૌચાલાયોમા કાદવ ખાલી કરવાની સેવા માટે કરાર આધારીત કામગીરી કરે છે અને ખાલી કરેલ કાદવ સન્યુક્ત સારવાર સુવિધાવાળા FSTP/STP; સન્યુક્ત સાર્વાર સુવિધા વાળા SWM સારવાર પ્લાન્ટ સુધી પહોંચાડે છે અને સારવાર ના કરેલ ફિકલ સ્લજ/ કાદવનું ખુલ્લા વાતાવરણ/ ખુલ્લી જગ્યાએ પુરાણ કરાતુ નથી.

(૩) ઉપર મુજબ પરિપૂર્ણતા બાદ સીટી મ્યુનસિપાલિટી વહીવટ/ વિકાસ સત્તામંડળએ શહેરને SBM ODF++ જાહેર કરતો પ્રાથમિક ઠરાવ પસાર કરવો અથવા બહોળો પ્રચાર ધરાવતા બે દૈનિકમાં જાહેરનામુ બહાર પાડવુ.

(૪) આવા ઠરાવ જાહેરનામા બાદ તે અંગે જાહેરમાં યોગ્ય જાહેરાત કરવી સાથે સાથે બહોળો પ્રચાર અને વાંચન ધરાવતા ઓછામાં ઓછા બે સમાચાર પત્રમાં જનતા પાસેથી પ્રતિભાવ/ મુદ્દાઓ દિન ૧૫ની સમયમર્યાદામાં આમંત્રિત કરવા.

(૫) નિશ્ચિત સમયના અંતે જો કોઈ સ્થિર મુદ્દો ના મળે તો સિટી મ્યુનસિપાલિટીના વહીવટ/ વિકાસ સત્તા મંડળ દ્વારા નિર્ણય ઠરાવ સ્વીકારવામાં આવશે અને 1તે સંલગ્ન રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે.

(૬) જણાવેલ માહિતી મળતાં રાજ્ય સરકારે શહેરને SBM ODF++ બનાવવાનું સ્ટેટસ વિધિપૂર્વક આપતા પહેલા (નિશ્ચિત સમય આધારિત પ્રક્રિયામાં) થર્ડ પાર્ટી મૂલ્યાંકન પ્રક્રિયા દ્વારા શહેરના દાવાની ચકાસણી કરાવવી.

(૭) મંત્રાલય SBM ODF++ માટે સ્વચ્છ પ્રમાણપત્ર ની પ્રક્રિયા હાથ ધરશે (વિગતો આ દસ્તાવેજમાં પાછળ છે) આપવામાં આવે પ્રમાણપત્ર છ માસ માટે માન્ય રહેશે અને દર છ માસે પ્રમાણપત્રની પ્રક્રિયા કરવાની રહેશે. જો પ્રમાણપત્ર માં નિષ્ફળતા રહે તો સંલગ્ન શહેર ફરીથી SBM ODF++ માટે સ્વચ્છ પ્રમાણપત્ર માટે વિનંતી કરે તે પહેલાં (પ્રમાણપત્રની નિષ્ફળતા તારીખથી) એક માસનો કૂલિંગ ઓફ પીરીયડ (સમયગાળો) મળવાપાત્ર રહેશે.

૧. સંબંધિત વિસ્તાર વિકાસ સત્તા મંડળના કાર્યક્ષેત્રમાં આવતો હોય તો જ વર્ક સર્કલ લાગુ પડે છે.

૨ વિકાસ સત્તામંડળ ની હદ વિસ્તાર ની પરિસ્થિતિઓ માટે જ.

૩. નાગરીક સમૂહો – રેસીડેન્સીયલ વેલફેર એસોશીયેશન, શાળાના આચાર્યો, બિન-સરકારી સંસ્થાઓ, ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ, કેંદ્ર સરકાર/ જાહેર ક્ષેત્રની બેંકના વરિષ્ટ અધિકારી, હોસ્પીટલ અધિકૃતો, બજાર સંગઠનો, હોટલ માલીકો/મેનેજર, દુકાન માલીકો, મોલ માલીકો/મેનેજર, પેટ્રોલ પંપ માલીકો/મેનેજર, આંગણવાડી કાર્યકર્તાઓ.

## SBM ODF++ ઘોષણાપત્રના નમૂના

**૧. શહેર/ નગર દ્વારા સમ્મતિ આપવા માટેનો નમૂનો:**

હું, ,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,, (ULB/ સત્તા મંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ)નો મેયર/ અધ્યક્ષ/ CEO ........................ આથી જાહેર કરું છુ કે:

૧) નીચેની ગૌણ- શરતોનું પાલન કરવામાં આવે છે.

a) ગટર વ્યવસ્થા નિભાવવામાં આવે છે અને ધારા ધોરણો[1] મુજબ કાર્યરત છે, જેમાં ગટર ઉભરાવવાના/ લીકેજના પ્રશ્નનોને છ કલાકમાં નિકાલ કરવામાં આવે છે. (જો શહેરમાં ગટર વ્યવસ્થા નથી તો આ મુદ્દો દૂર કરવો.)

b) બધા જ પ્રવાહિત ગંદા પાણીને ધારા ધોરણો[2] મુજબ સિવેજ સારવાર પ્લાન્ટ પર સારવાર આપવામાં આવે છે. (જો શહેરમાં ગટર વ્યવસ્થા નથી તો આ મુદ્દો દૂર કરવો.)

c) ધારા ધોરણો[3] મુજબ સીવેજ/ સેપ્ટેજ સારવાર સુવિધા કાર્યરત છે અને નિભાવવામાં આવે છે.

d) સારવાર કરેલ સૂકો કાદવ નક્કી કરેલ જગ્યા પર નિકાલ કરવામાં આવે છે અથવા યોગ્ય પુનઃ પ્રાપ્તિ / પુનઃ ઉપયોગ તરફ વાળવામાં આવે છે. (ધારા ધોરણ[4] મુજબ પુનઃ પ્રાપ્તિ/ પુનઃ ઉપયોગ).

e) તમામ સેપ્ટીક ટેન્ક સફાઈની સર્વિસ પૂરી પાડનારા નોંધાયેલ છે અને ULB/ સત્તા મંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા પરવાના આપવામાં આવેલ છે, સંલગ્ન વહીવટી અથવા સત્તા મંડળે સોંપેલ વિસ્તારમાં કરાર આધારિત કામગીરી કરે છે અને સારી રીતે નિભાવવામાં આવે છે. (FSSMની રાષ્ટ્રીય પોલિસીના નિર્દેશ મુજબ).

f) સારવાર કર્યા વગરનો ફિકલ વેસ્ટ ખુલ્લા વાતાવરણ – જળ સંસાધનો, ગટરો, ખુલ્લી જમીન, વગેરેમાં ખાલી કરવામાં નથી આવતો અને/અથવા પુરાણ કરવામાં આવતું નથી.

g) ULB/ સત્તા મંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડએ મ્યુનિસિપલ બાય-લોઝ (અથવા મ્યુનિસિપલ વહીવટની ગેરહાજરીમાં સંલગ્ન)માં SBM ODF++ માટે જણાવેલ બધી જ શરતોનું ઓછામાં ઓછું પાલન કરે છે તેવા સેનિટેશન સેવા સ્તર બેંચમાર્ક સૂચિત કરેલ છે અને બહોળો પ્રસાર ધરાવતા ઓછામાં ઓછા બે દૈનિકમાં તે જાહેર કરેલ છે.

૨) શહેર/ નગરના બધા જ ડી-સ્લજીંગ કાર્યકર્તાઓએ તેમની નોધણી, લાઇસન્સ અને કામગીરી અંગેનું તેમનું સ્વયં ઘોષણાપત્ર રજૂ કરેલ છે. (SBM ODF++ પ્રોટોકોલના બિડાણ ૮ મુજબ).

૩) સારવાર કર્યા વગરનો ફિકલ સ્લજ ગટરોમાં અને/ અથવા ખુલ્લી જગ્યામાં પુરાણ કરનાર વ્યક્તિ/ ડી-સ્લજિંગ ઓપરેટર સામે શહેરે દંડ જાહેર કરેલ છે, અને

૪) SBM ODF++ સ્થિતિ બાબતે શહેર/ નગરના બધા જ વોર્ડ કાઉન્સીલરો/ વર્ક સર્કલ ઇન-ચાર્જ/ એનજીનીયર (જ્યાં લાગુ પડતું હોય ત્યાં) પોતાનું સ્વયં ઘોષણાપત્ર રજૂ કરેલ છે.

૫) શહેર/ નગરને SBM ODF++ જાહેર કરવા માટે પ્રાથમિક ઠરાવ થયેલ છે.

૬) આવા ઠરાવ જાહેરનામા બાદ તે અંગે જાહેરમાં યોગ્ય જાહેરાત કરેલ છે, સાથે સાથે બહોળો પ્રચાર અને વાંચન ધરાવતા ઓછામાં ઓછા બે સમાચાર પત્રમાં જનતા પાસેથી પ્રતિભાવ/ મુદ્દાઓ દિન ૧૫ની સમયમર્યાદામાં આમંત્રિત કરેલ છે.

૭) નક્કિ કરેલ સમય મર્યાદામાં કોઇ મુદ્દાઓ મળેલ નથી/ જનતા પાસેથી મળેલ મુદ્દાઓ અને પ્રતિભાવોને સંબોધીત કરીને આ કચેરી દ્વારા SBM ODF++ સ્ટેટસ બાબતે આખરી/ નિર્ણાયક ઠરાવ મંજૂર કરવામાં આવેલ છે.

૮) આ આખરી ઠરાવ રાજ્ય સરકારને આગળની પૂર્તતા માટે મોકલી આપેલ છે. (જો આગળ મોકલવાનું નક્કિ થયેલ હોય તો).

ઉપર જણાવ્યા મુજબ ......................... (શહેરનું નામ)ને આથી SBM ODF++ જાહેર કરવામાં આવે છે. MoHUAને ..................... (શહેરનું નામ) માટે "SBM ODF++ માટે સ્વચ્છ પ્રમાણપત્ર"ની પ્રક્રિયા હાથ ધરવા વિનંતી છે.

............................................................

(મેયર/ અધ્યક્ષ/ CEOનું નામ અને સહી)

તારીખ:

સિક્કો:

| |
|---|
| ૧. સીવરેજ અને સીવેજ સારવાર પધ્ધતિ ૨૦૧૩ના CPHEEO મેન્યુઅલ અને CPCB ધોરણો અથવા રાજ્ય PCBએ સુધારા મુજબ) |
| ૨. Ibid (STPs માટેના CPCB ધોરણો) |
| 3. Ibid (STPs માટેના CPCB ધોરણો) |

## ૨. વોર્ડ કાઉન્સિલર/ વર્ક સર્કલ ઈનચાર્જ અથવા એન્જિનિયરે આપવા માટેના સંમતિપત્રનો નમુનો

હું, .................... (ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ)ના ................ (વોર્ડ/ સર્કલની વિગત)નો વોર્ડ કાઉન્સીલર/ વર્ક સર્કલ ઇન-ચાર્જ કે એન્જીનીયરે આથી જાહેર કરુ છું કે:

A) MoHUA દ્વારા ઠરાવેલ (SBM ODF+ પ્રોટોકોલ મુજબ) SBM ODF+ માટેની તમામ શરતો પ્રાપ્ત કરવામાં આવી છે.

B) તમામ શૌચાલય (વ્યક્તિગત, સામુદાયિક અને જાહેર).

a. ગટર વ્યવસ્થા

b. સુરક્ષીત કન્ટેન્મેન્ટ પધ્ધતી (જેવી કે સેપ્ટીક ટેન્ક, બે ખાળકૂવા અથવા CPHEEO અથવા SBM અર્બનની ગાઈડલાઇન્સમાં દર્શાવ્યા મુજબ અન્ય કોઈ સ્થળ પરની સેનીટેશન પધ્ધતિ)થી જોડાયેલ છે અને બિડાણ 7 માં જણાવેલ શરતો મુજબ આ શૌચાલયોના સેપ્ટેજ નિયમિત ખાલી કરવામાં, સારવાર કરવામાં અથવા/ અને સુરક્ષીત નિકાલ કરવામાં આવે છે.

૧) આ પ્રકારનું કોઈ પણ શૌચાલય ખુલ્લી ગટરોમાં/ જમીન પર કે જળ સંસ્થાનોમાં ખાલી કરવામાં આવતો નથી.

૨) સ્થળ પર ના સેનિટેશન માળખામાં ભરાયેલ કાદવને વાર્ષિક ઓછામાં ઓછી બે વાર ULB દ્વારા અથવા સંબંધિત વહીવટ/ સત્તાએ કરાર આધારિત આપેલ પરવાના ઓપરેટર્સ દ્વારા નિયમિત[૫] અને સુરક્ષિત[૬] રીતે ખાલી કરવામાં આવે છે.

૩) બધા જ ફિકલ સ્લજનું એફ એસ ટી પી અથવા સેપ્ટિક સંલગ્ન સારવાર દ્વારા ગંદા પાણી/ કાદવ સાથે ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર સુરક્ષિત પરિવહન અને સારવાર થાય છે.

૪) સારવાર કર્યા વગરનો ફિકલ વેસ્ટ ખુલ્લા વાતાવરણ – જળ સંસાધનો, ગટરો, ખુલ્લી જમીન, વગેરેમાં ખાલી કરવામાં નથી આવતો અને/અથવા પુરાણ કરવામાં આવતું નથી.

વધુમાં હું જાહેર કરું છું કે મેં આ જાહેરનામુ ઔપચારીક રીતે .................. (ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ) ને આગળની જરૂરી કાર્યવાહી માટે રજુ કરેલ છે.

....................................................

(વોર્ડ કાઉન્સીલર/ વર્ક સર્કલ ઇન-ચાર્જ કે એન્જીનીયરની સહિ અને નામ)

તારીખ:

સિક્કો:

૫. સમાવેશ પદ્ધતિને અથવા એવી બીજી સ્થળ પર સેનિટેશન પદ્ધતિ નિયમિત ખાલી કરવામાં આવે તે ફરજિયાત છે અને તે ULBની જવાબદારી છે.

૬. જોડાયેલ લોકોને વ્યક્તિગત સુરક્ષા સાધનો અને ખાલી કરવા માટેના જરૂરી સાધનો આપેલ છે અને તેનો ઉપયોગ થાય છે.

## ૩. નાગરિકોના પ્રતિનિધિઓએ આપવા માટેના સંમતિપત્રનો નમુનો

હું, .................... (ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ)ના................. (નાગરિક સમુહનું નામ) વતી અધિકૃત કરેલ પ્રતિનિધિ ..................... આથી જાહેર કરુ છું કે

A) જાહેર અને વાણિજ્ય વિસ્તારોમાં દર એક કિલોમીટરના અંતરે કાર્યરત, સ્વચ્છ અને વાપરી શકાય તેવા જાહેર શૌચાલય છે.

B) અમારી જગ્યા પરની સેનિટેશન સિસ્ટમનો કાદવ દર બે વર્ષે એક વાર નોંધાયેલ અને પરવાનો મેળવેલ ડી સ્લજીંગ ઓપરેટર દ્વારા અથવા ULB દ્વારા ઉપાડવામાં અને ખાલી કરવામાં આવે છે. (જો વિસ્તારમાં સ્થળ પર સેનીટેશન પદ્ધતિ હોય તો જ લાગુ પડશે)

C) અમારા વિસ્તાર ના બધા જ મકાનો શહેરની ગટર વ્યવસ્થા સાથે જોડાયેલ છે. (જે વિસ્તારમાં સ્થળ પર સેનીટેશન પદ્ધતિના હોય તો લાગુ પડશે).

D) શૌચાલય સુવિધાઓ અને સમાવેશી પદ્ધતિ (જો હોય તો) ને ખાલી કરવા માટે અમે કોઈ માથે મેલુ ઉપાડનારા રાખતા નથી.

E) અમારા શૌચાલય સફાઈ કામદારોને પૂરતા પ્રમાણમાં સફાઈ ના સાધનો અને સુરક્ષા માટે નો સામાન આપવામાં આવે છે.

....................................................

(નાગરીક સમૂહના અધિકૃત કરેલ પ્રતિનિધિની સહિ અને નામ)

સરનામુ:

ફોન નંબર:

તારીખ:

## SBM ODF++ માટે સ્વચ્છ પ્રમાણપત્ર

એકવાર શહેરએ પોતાને SBM ODF++ જાહેર કર્યા અંગેનો આખરી ઠરાવ સંબંધિત રાજ્ય સરકારને મોકલી આપેલ હોય અને રાજ્ય સરકારે તે MoHUA ને મોકલી આપેલ હોય અથવા (વિકાસ સત્તામંડળો અથવા કેન્ટોનમેન્ટ બોર્ડની પરિસ્થિતિમાં સીધું જ MoHUA ને મોકલી આપેલ હોય) તો નિર્ણાયક SBM ODF++ પ્રમાણપત્ર માટે (SBM ODF++ માટે સ્વચ્છ પ્રમાણપત્ર)થર્ડ પાર્ટી પ્રક્રિયા અપનાવાની થાય છે.

જો પ્રમાણપત્રમાં નિષ્ફળતા મળે તો સંબંધિત શહેરને SBM ODF++ પ્રમાણપત્ર માટે ફરી વિનંતી કરતાં પહેલાં એક માસનો કૂલિંગ ઓફ પીરીયડ (પ્રમાણપત્ર નિષ્ફળતાની તારીખથી) આપવામાં આવે છે.

ત્યારબાદ SBM ODF++ ના પ્રમાણપત્ર અંગેની કામગીરી નિશ્ચિત સમયે કરવામાં આવશે (દર છ માસે) જેથી ખાતરી થાય કે SBM ODF++ ના સ્તરમાં કોઈ ઘટાડો થયેલ નથી.

**SBM ODF++ સ્વચ્છ પ્રમાણપત્ર મેળવવા માટે નીચેના પ્રોટોકોલ અનુસરવાના રહેશે**

શહેરએ પોતાને SBM ODF++ જાહેર કર્યા બાદ રાજ્ય મિશન ડાયરેક્ટરને અથવા જો વિકાસ સત્તા મંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડ હોય તો સિધ જ MoHUAને મોકલશે.

→ શહેર/ રાજ્યની MoHUAને વિનંતી પર (MoHUA દ્વારા પસંદ કરવામાં આવેલ) થર્ડ પાર્ટી આકારણીકારને ૩૦ દિવસના સમયગાળામાં ચકાસણી કરવા માટે મોકલી આપશે.

→ શરુઆતની ચકાસણી (સેવા સ્તર સ્થિતિ ચકાસવી + સ્વતંત્ર નિરિક્ષણ કરવુ.)

↓ ચકાસણીના પરિણામોને આધારે થર્ડ પાર્ટી શહેરોને SBM ODF++પ્રમાણિત કરવા માટે અને MoHUAને ભલામણ કરશે

← થર્ડ પાર્ટીની ભલામણને આધારે MoHUA શહેરને પ્રમાણપત્ર આપશે

← પુનઃ પ્રમાણપત્ર માટે વિનંતી મળ્યા પછી ૩૦ દિવસમાં થર્ડ પાર્ટી શહેરમાં સ્વતંત્ર નિરીક્ષણ હાથ ધરશે. (SLSની ચકાસણી કરવામં આવશે નહિ.

↓ ઇસ્યૂ કર્યાનિ છેલ્લિ તારીખથી દર છ મહિને પુનઃ પ્રમાણિત કરાવવં જરૂરી છે

## સ્વચ્છ પ્રમાણપત્ર મેળવવા માટે નીચેના પ્રોટોકોલ અનુસરવાના રહેશે

A) શહેરએ પહેલીવાર પોતાની જાતે જ SBM ODF++ તરીકે સ્વયં ઘોષણા કરશે અને રાજ્યના SBM મિશન ડાયરેકટરને મોકલી આપશે જે ત્યારબાદ MoHUA ને મોકલવાની રહેશે અથવા વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડ અંતર્ગત સીધી જ MoHUA ને મોકલવાની રહેશે.

B) શહેર/ રાજ્યની MoHUAને વિનંતી પર (MoHUA દ્વારા પસંદ કરવામાં આવેલ) થર્ડ પાર્ટી આકારણીકારને ૩૦ દિવસના સમયગાળામાં ચકાસણી કરવા માટે મોકલી આપશે.

C) શરૂઆતની ચકાસીના ભાગરૂપે, થર્ડ પાર્ટી સેવા સ્તર સ્થિતિની આકારણી સાથે-સાથે સ્વતંત્ર નિરીક્ષણ પણ હાથ ધરશે.

D) ચકાસણીના પરિણામોને આધારે થર્ડ પાર્ટી શહેરોને SBM ODF+ પ્રમાણિત કરવા માટે અને MoHUAને ભલામણ કરશે.

E) થર્ડ પાર્ટીની ભલામણને આધારે MoHUA શહેરને પ્રમાણપત્ર આપશે.

F) પ્રમાણપત્ર આપવામાં આવે ત્યારબાદ દર છ મહિને પુનઃ પ્રમાણિત કરાવવું જરૂરી છે.

G) પુનઃ પ્રમાણપત્ર માટે વિનંતી મળ્યા પછી ૩૦ દિવસમાં થર્ડ પાર્ટી શહેરમાં સ્વતંત્ર નિરીક્ષણ હાથ ધરશે.

H) તે વાતનું ધ્યાન રાખવું કે પુનઃ ચકાસણી દરમિયાન સેવા સ્તરની સ્થિતિને પુનઃ ચકાસવામાં આવશે નહીં.

## SBM ODF+ માટેના સ્વચ્છ પ્રમાણપત્ર માટે ની કામગીરી ની પધ્ધતિ

ચકાસણી પ્રક્રિયા બે ભાગમાં હાથ ધરાશે.

૧) સેવા સ્તર સ્થિતિ

૨) સ્વતંત્ર નિરીક્ષણ

### A) સેવા સ્તરની સ્થિતિ

i) ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ પાસેથી નક્કી કરવામાં આવેલ પ્રોટોકોલ મુજબ ચકાસણી પ્રક્રિયા દ્વારા અગાઉથી જ પ્રાથમિક માહિતી મેળવી લેવામાં આવે છે.

ii) સમીક્ષા કરવા માટે થર્ડ પાર્ટી આકારણીકાર ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડની મુલાકાત લેશે અને પ્રક્રિયા સ્વતંત્ર અને પૂર્વગ્રહ રહિત ચાલે તેની ખાતરી કરીને પદ્ધતિસર માહિતી ભેગી કરશે.

### B) સ્વતંત્ર નિરીક્ષણ

i) નિરીક્ષણને સરળ કરવા માટે SBM ODF++ જાહેર કર્યા બાદ ULB/વિકાસ સત્તામંડળો/

કેન્ટોનમેન્ટ બોર્ડએ ફરજિયાત પણે MoHUA ને સંપૂર્ણ સિટી પ્રોફાઇલ (શહેરની રૂપરેખા) પૂરી પાડવાની રહેશે.

ii) થર્ડ પાર્ટી આકારણીકાર દ્વારા ભૌતિક નિરીક્ષણ ને આધારે માહિતી ભેગી કરવામાં આવશે.

iii) મંત્રાલય સાથે જોડાણમાં રહી માહિતી એકઠી કરવામાં સરળતા ખાતર પ્રશ્નોત્તરી બનાવવામાં આવશે.

iv) મોજણીકાર ફોટોગ્રાફની સાથે-સાથે તેના નિરીક્ષણો અને તારણો નોંધવા માટે આઇટી આધારિત ઉપકરણોનો ઉપયોગ કરશે.

v) થર્ડ પાર્ટી સ્થળ નિરીક્ષણ માટેના પુરાવા રૂપે પદ્ધતિસર ફોટો એકઠા કરશે જેમાં ખાતરી રાખશે કે બધા જ ફોટો પર સ્થળ, તારીખ અને સમય નોંધાયેલ છે.

vi) ચકાસણી માટે વસ્તીના આધારે શહેરોને નીચે મુજબ ભાગ પાડવામાં આવશે. શહેરોના વિસ્તારને આધારે તેને ઝોનમાં વહેંચવામાં આવશે.

vii) દસ લાખથી વધુની વસતિ ધરાવતા શહેરો માટે શહેરો ચાર ઝોનમાં ઉત્તર-દક્ષિણ પૂર્વ-પશ્ચિમ વહેંચવામાં આવશે.

viii) એક થી દસ લાખની વસ્તી ધરાવતા શહેરો માટે શહેરો ચાર ઝોન ઉત્તર-દક્ષિણ પૂર્વ-પશ્ચિમ વહેંચવામાં આવશે.

ix) એક લાખથી ઓછી વસ્તીવાળા શહેરને ઉત્તર અને દક્ષિણ બે ઝોન માં વહેંચવામાં આવશે.

x) બધી જગ્યાએ ULBના હદ વિસ્તારની અંદરની હશે અને થર્ડ પાર્ટીની વિવેકબુદ્ધિથી નક્કી કરવામાં આવશે જે ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડને જણાવવામાં આવશે નહિ.

xi) નીચે જણાવેલ ટેબલ એવા સ્થળની યાદી રજૂ કરે છે જે સ્થળ પાર્ટી દ્વારા સ્વતંત્ર નિરીક્ષણ માટે અપવાદ સિવાય ફરજીયાત ચકાસવાના છે.

| જગયાનો પ્રકાર | દરેક ઝોનમાં જગ્યાની સંખ્યા (૧૦ લાખથી વધુ) | દરેક શહેરમાં જગ્યાની સંખ્યા (૧૦ લાખથી વધુ) | દરેક ઝોનમાં જગ્યાની સંખ્યા (૧ થી ૧૦ લાખથી) | દરેક શહેરમાં જગ્યાની સંખ્યા (૧ થી ૧૦ લાખથી) | દરેક ઝોનમાં જગ્યાની સંખ્યા (૧ લાખથી ઓછી) | દરેક શહેરમાં જગ્યાની સંખ્યા (૧ લાખથી ઓછી) |
|---|---|---|---|---|---|---|
| ઝુંપડપટ્ટી | ૨ | ૮ | ૧ | ૪ | ૧ | ૨ |
| રસ્તાઓ અને શેરીઓ (ખુલ્લી ગટરો સાથે ) | ૧ | ૪ | ૧ | ૪ | ૧ | ૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જાહેર જગ્યાઓ (બગિચાઓ/ મંદીર/ ફરવાલાયક સ્થળો) | ૧ | ૪ | ૧ | ૪ | ૧ | ૨ |
| વાણીજ્ય વિસ્તારો ( બજાર/ મંડી) | ૨ | ૮ | ૧ | ૪ | ૧ | ૨ |
| રહેણાંક વિસ્તારો | ૨ | ૮ | ૧ | ૪ | ૧ | ૨ |
| મુસાફરી માટેની જગ્યાઓ (રેલ્વે સ્ટેશન/ બસ સ્ટેશન/ અન્ય-) | શહેર દીઠ ૨ | ૨ | શહેર દીઠ ૨ | ૨ | શહેર દીઠ ૧ | ૧ |
| વેરાન વિસ્તારો (ખેતર/ વણવપરાતી જમીન) | ૨ | ૮ | ૧ | ૪ | ૧ | ૨ |
| | શહેરના બાહ્ય વિસ્તારમાં આવેલ ખુલ્લા ખેતરો/ વણવપરાતી જમીનની વિગતો ULB દ્વારા પુરી પાડવામા આવશે. | | | | | |
| જળ એકમો (તળાવ, નાળા, નદી કિનારા, દરિયા કિનારા) | શહેર દીઠ ૩ | ૩ | શહેર દીઠ ૨ | ૨ | શહેર દીઠ ૧ | ૧ |
| STPs/ FSTPs | શહેરના તમામ STPs અને/ અથવા FSTPs. | | | | | |
| **કુલ** | | **ઓછામા ઓછી ૪૫** | | **ઓછામા ઓછી ૨૮** | | **ઓછામા ઓછી ૧૪** |

**STP – સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, FSTP – ફીકલ સ્લજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ SBM ODF++ ચકાસણી કરતી વખતે થર્ડ પાર્ટી દ્વારા ફરજિયાતપણે અનુસરવાના પ્રોટોકોલ**

૧) થર્ડ પાર્ટી આકારણી માટે આવનાર આકારણીકારના શહેરમાં આવવા અંગેની જાણ ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડના સ્ટાફને એક દિવસ અગાઉ કરશે.

૨) આકારણીકારે મ્યુનસિપાલિટી કમિશનર/ નોડલ ઓફિસર/ અધ્યક્ષ/ CEO અથવા આ હેતુ માટે

તેમના દ્વારા કોઈ નિયુક્ત કરે અધિકારીને મળશે અને ત્યારબાદ જ તેઓ ચકાસણી શરૂ કરશે.

૩) આકારણિકારે સવારના વહેલા કલાકો (૪:૦૦ થી ૬:૦૦ સવારે) અને મોડી સાંજના કલાકો (સાંજના ૮:૦૦ થી ૧૦:૦૦) માં ખુલ્લામાં શૌચ ક્રિયાની ચકાસણી હાથ ધરશે કારણ કે આ ખુલ્લામાં શૌચક્રિયા અને શૌચાલય ના ઉપયોગ માટેના અગ્રીમ કલાકો છે.

૪) નિયુક્ત કરેલા આકારણીકરે જગ્યાની મુલાકાત લેવાની રહેશે અને તેનો રિપોર્ટ તૈયાર /રજૂ કરવાનો રહેશે.

૫) ચકાસણી વખતે આકારણીકારની સાથે ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ નો સ્ટાફ હાજર રહેશે.

૬) જો આયાતકાર જગ્યાને ખરી રીતે જીઓ ટેગ (જગ્યાના નામ ની સામે અક્ષાંશ અને રેખાંશ કરવામાં ) નિષ્ફળ રહે અને જો રિપોર્ટમાં મેળ ના આવે તો તે જગ્યાને રદ ગણવામાં આવશે અને ULB/વિકાસ સત્તામંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા આના પર અને સંબંધિત બાબતો પર ફરિયાદના કિસ્સામાં થર્ડ પાર્ટી પર કિસ્સા દીઠ રૂ.૫૦૦/- નો દંડ લાદવામાં આવશે.

**બીડાણ:**

**૧ (A) તમામ કાર્યરત સામુદાયીક અને જાહેર શૌચાલય માટેની જરૂરી શરતો**

- પાણીની સુવિધા
- દરેક શૌચાલય બેઠક અને યુરીનલ સ્વચ્છ અને દરેક સમયે વાપરી શકાય તેમ છે.
- વોશ બેસિન સ્વચ્છ અને દરેક સમયે વાપરી શકાય તેમ છે.
- નિયમિત સ્વચ્છતા અને નિભાવણી માટે રોસ્ટર નિભાવવામાં આવે છે અને કાળજી લેનાર ખુલ્લા રહેતા સમયગાળા દરમ્યાન બધા જ સમયે ફરજ પર હોય છે.
- શૌચાલય ના ભોંયતળિયા બધા જ સમયે વાળેલા અને પોતુ કરેલ છે.
- દર્પણ, જો હોય તો, ચોખ્ખું અને પોલીસ કરેલું છે.
- દરેક દરવાજા પર કુંડી ની વ્યવસ્થા કાર્યરત છે.
- સાબુ અને સાબુ વિતરક ઉપલબ્ધ છે અને કાર્યરત છે.
- દરેક ટોઇલેટ સીટ સાથે કચરાપેટી સહિતની કચરાપેટીઓ છે અને તે નિયમિત સાફ કરવામાં આવે છે.
- જગ્યા દરેક સમયે પૂરતી પ્રકાશિત છે જ્યાં દરેક બેઠક પર તેનો પોતાનો લાઈટ પોઈન્ટ છે અને દરેક લાઈટ ચાલુ હાલતમાં છે.
- હવાની અવરજવર ની પુરતી સુવિધા છે. (વેન્ટ્સ - છિદ્રો, ઢળતા કાચ અને/ અથવા એક્ઝોસ્ટ પંખો)
- લીકેજ ન હોય અને વાપરી શકાય તેવા નળ અને ફિટિંગ્સ અથવા ખુલ્લા રહેવાના કલાકોના તમામ સમયગાળામાં પાણી પ્રાપ્ત થાય તેવી બાંધકામ ની અંદર કે બહાર પાણીની ટાંકી છે.
- જાતિ ભિન્નતા (જો એક જ બ્લોક માં બે સુવીધા હોય તો) પુરુષ અને સ્ત્રીઓ માટે અલગ પ્રવેશની વ્યવસ્થા છે.

- ખાસ કરીને અશક્તિ વ્યક્તિ સહિત શૌચાલય બ્લોકના પ્રવેશ/ રેમ્પ/ સીડી જેવી ઉપલબ્ધતાઓ અવરોધ મુક્ત છે.
- સ્પષ્ટપણે સાઈનેજ સાથે આવતા જતા લોકોને દેખાય તેવી જગ્યા છે અને બાંધકામ માળખાની બધી બાજુ ત્રણ મીટરના વિસ્તારમાં બિન અધિકૃત બાંધકામ કે ફેરિયાઓ દ્વારા દબાણ કરવામાં આવેલ નથી.
- શૌચાલયનો સારવાર ન થયેલ ફિકલ સલજ/ સેપ્ટેજ અને સિવેજ (કાદવ) ગટર, ખુલ્લી જગ્યા કે પાણીજન્ય એકમોમાં ખાલી કરવામાં અને/અથવા પૂરવામાં આવતો નથી.
- સ્ટાફ[1]ની ઉપયોગી વસ્તુઓ, સુરક્ષા માટેનો સામાન, સફાઈના સાધનો અને માલસામાનનો જરૂરી પુરવઠો પુરો પાડવામાં આવે છે અને ૨૪ કલાકથી વધુ સમય માટે કોઈ પુરવઠો અપ્રાપ્ય નથી.
- નીચેના તમામના નામ અને સંપર્ક નંબર મુખ્યત્વે આગવી રીતે પ્રદર્શિત કરેલ છે - સુપરવાઇઝર, સુપરવિઝન સંસ્થા અને તે વિસ્તારનો સેન્ટર ઇન્સ્પેક્ટર.
- ફરિયાદ નોંધણી અને નિવારણ પદ્ધતિ છે અને તે કાર્યરત છે અને તમામ ફરિયાદો, નિભાવણીના પ્રશ્નો અથવા બનાવોનો ૨૪ કલાકમા નિકાલ કરવામાં આવે છે.
- જાહેર/ સામુદાયિક શૌચાલયો SBM શૌચાલય તરીકે ગૂગલ મેપ ટોયલેટ લોકેટર પર દૃશ્યમાન છે.

**૧ (B) હયાત સામુદાયીક અને જાહેર શૌચાલયના ૧૦% શૌચાલયો માટેની જરૂરી શરતો**

- દીવાલો અને તળિયા સ્વચ્છ અને ડાઘ/ ચિત્રામણી મુક્ત છે.
- હાથ સૂકવવાનું મશીન/ પેપર નેપકિન્સ ઉપલબ્ધ છે.
- બાળકો માટે નીચી ઊંચાઈવાળા શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે.
- નાહવાની સુવિધા ઉપલબ્ધ છે.
- સ્ત્રીઓના શૌચાલયમાં સેનેટરી નેપકીન વેડિંગ મશીન અને સેનેટરી નેપકીન માટે પર્યાપ્ત નિકાલની પદ્ધતિ છે.
- એર ફ્રેશર ઉપલબ્ધ છે અને તેનો ઉપયોગ થાય છે.
- આવક મેળવવા માટેની જગ્યા નિર્ધારિત કરવામાં આવી છે.
- શૌચાલય કોમ્પ્લેસની નજીક માં છોડ/ ઝાડીને સારી રીતે જાળવવામાં આવે છે.
- વરસાદી પાણીના સંગ્રહની સુવિધા ઉપલબ્ધ છે.
- પાણીની બચત કે પુનઃ ઉપયોગ થાય તેવી ટેકનોલોજી ઉભી કરવામાં આવી છે.
- પ્રોટોકોલ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ શૌચાલય સ્વયં પરવડે તેમ છે.[2]

૧. લઘુત્તમ પુરવઠા સામગ્રી – ૧ સાબુ, ટોયલેટ ક્લિનર/ ડીટર્જન્ટ, ફ્લોર ક્લીનર, દરેક સફાઇ કામદાર માટે સુરક્ષાનો સામાન – ૧ જોડી મોજા, ૧ જોડી ગમ બૂટ, ૧ કોટ/ડ્રેસ, સાધનો – ૧ સાવરણો, ૨ પોતા (પાણી સાફ કરવાના વાઇપર્સ), ૧ પાણીનો જગ, અન્ય સામગ્રી – ૨ લાઇટ બલ્બ ૧ વોટર જગ, નીભાવણી લોગ, ફરીયાદ બુક, ૧ પેન

૨. જગ્યા પરથી જ ૧૦૦% નિભાવણી અને જાળવણી ખર્ચ જેટલી આવક ઉભી કરવામાં આવે છે.

## ૨. શાળાના વિધ્યાર્થીઓએ સંમતી આપવા માટેનો નમુનો:

(શાળાના જાહેરનામા સાથે જોડવુ.)

હું, ................ (વિધ્યાર્થીનું નામ) આથી જાહેર કરુ છુ કે હુ અને મારા કુટુંબનો કોઇ પણ સભ્ય શૌચક્રીયા માટે બહાર જતા નથી. હું જાહેર કરું છું કે મારા કુટંબના સભ્યો અને હું શૌચક્રીયા અને પેશાબ માટે શૌચાલય વાપરીએ. છીએ/ નજીકના સામુદાયીક શૌચાલયનો ઉપયોગ કરીએ છીએ અને આ શૌચાલયો કાર્યરત છે અને પાણીની સુવિધા સાથે સારી રીતે નિભાવવામાં આવે છે.

..............................

(વિધ્યાર્થીનું નામ અને સહી) / (નર્સરીથી ચાર ધોરણ સુધીના વિધ્યાર્થીઓનું નામ અને સહી)

તારીખ:

## ૩. શાળાના સ્ટાફ અને શિક્ષકો દ્વારા સંમતી આપવા માટેનો નમુનો:

(શાળાના જાહેરનામા સાથે જોડવુ)

હું, ................ (સ્ટાફ અથવા શિક્ષકનું નામ) આથી જાહેર કરુ છુ કે હુ અને મારા કુટુંબનો કોઇ પણ સભ્ય શૌચક્રીયા માટે બહાર જતા નથી. હું જાહેર કરું છું કે મારા કુટંબના સભ્યો અને હું શૌચક્રીયા અને પેશાબ માટે શૌચાલય વાપરીએ. છીએ/ નજીકના સામુદાયીક શૌચાલયનો ઉપયોગ કરીએ છીએ અને આ શૌચાલયો કાર્યરત છે અને પાણીની સુવિધા સાથે સારી રીતે નિભાવવામાં આવે છે.

..............................

(સ્ટાફનું નામ અને સહી)

તારીખ:

## ૪. દરેક તપાસ કરેલ સામુદાયીક/ જાહેર શૌચાલય માટે જરૂરી શરતોનું સ્કોરીંગ (ગુણાંકન)

સામુદાયીક/ જાહેર શૌચાલય લાયક થવા માટે SBM ODF+ અંતર્ગત જરૂરી શરતોને પરિપૂર્ણ કરી આ અમાળખા મુજબ ઓછામાં ઓછ ૯૦% ગુણ મેળવવા પડશે.

| ક્રમ | શરતો | ગુણ |
|---|---|---|
| | સ્વચ્છતા | ૩૮ |
| ૧ | દરેક શૌચાલય બેઠક અને યુરીનલ સ્વચ્છ અને દરેક સમયે વાપરી શકાય તેમ છે. | ૨૦ |
| ૨ | વોશ બેસિન સ્વચ્છ અને દરેક સમયે વાપરી શકાય તેમ છે. | ૬ |
| ૩ | શૌચાલય ના ભોંયતળિયા બધા જ સમયે વાળેલા અને પોતુ કરેલ છે. | ૬ |
| ૪ | દર્પણ, જો હોય તો, ચોખ્ખું અને પોલીસ કરેલું છે. | ૧ |
| ૫ | દરેક ટોઇલેટ સીટ સાથે કચરાપેટી સહિતની કચરાપેટીઓ છે અને તે નિયમિત સાફ કરવામાં આવે છે. | ૩ |
| ૬ | નિયમીત સફાઇ અને નીભાવણી માટેનું રોસ્ટર અને ખુલ્લા રહેવાના સમયે ધ્યાન રાખાનાર દરેક સમયે ફરજ પર છે. | ૨ |
| | આધારભુત માળખાકીય સુવિધાઓ | ૩૫ |
| ૭ | પાણીની સુવિધા | ૧૫ |
| ૮ | સાબુ અને સાબુ વિતરક ઉપલબ્ધ છે અને  કાર્યરત છે | ૪ |
| ૯ | લીકેજ ન હોય અને વાપરી શકાય તેવા નળ અને ફિટિંગ્સ અથવા ખુલ્લા રહેવાના કલાકોના તમામ સમયગાળામાં પાણી પ્રાપ્ત થાય તેવી બાંધકામ ની અંદર કે બહાર પાણીની ટાંકી છે. | ૪ |
| ૧૦ | હવાની અવરજવર ની પુરતી સુવિધા છે. (વેન્ટ્સ - છિદ્રો, ઢળતા કાચ અને/ અથવા એક્ઝોસ્ટ પંખો) | ૪ |
| ૧૧ | જગ્યા દરેક સમયે પૂરતી પ્રકાશિત છે જ્યાં દરેક બેઠક પર તેનો પોતાનો લાઈટ પોઈન્ટ છે અને દરેક લાઈટ ચાલુ હાલતમાં છે. | ૪ |
| ૧૨ | દરેક દરવાજા પર કુંડી ની વ્યવસ્થા કાર્યરત છે. | ૪ |
| | ઉપલબ્ધતા | ૧૭ |
| ૧૩ | જાતિ ભિન્નતા (જો એક જ બ્લોક માં બે સુવીધા હોય તો) પુરુષ અને સ્ત્રીઓ માટે અલગ પ્રવેશની વ્યવસ્થા છે. | ૫ |
| ૧૪ | ખાસ કરીને અશક્તિ વ્યક્તિ સહિત શૌચાલય બ્લોકના પ્રવેશ/ રેમ્પ/ સીડી જેવી ઉપલબ્ધતાઓ અવરોધ મુક્ત છે. | ૫ |
| ૧૫ | સ્પષ્ટપણે સાઈનેજ સાથે આવતા જતા લોકોને દેખાય તેવી જગ્યા છે અને બાંધકામ માળખાની બધી બાજુ ત્રણ મીટરના વિસ્તારમાં બિન અધિકૃત બાંધકામ કે ફેરિયાઓ દ્વારા દબાણ કરવામાં આવેલ નથી. | ૫ |

| | | |
|---|---|---|
| ૧૬ | જાહેર/ સામુદાયિક શૌચાલયો SBM શૌચાલય તરીકે ગૂગલ મેપ ટોયલેટ લોકેટર પર દૃશ્યમાન છે. | ૨ |
| | **જાળવણી અને નીભાવણી** | **૨૦** |
| ૧૭ | શૌચાલયનો સારવાર ન થયેલ ફિકલ સલજ/ સેપ્ટેજ અને સિવેજ (કાદવ) ગટર, ખુલ્લી જગ્યા કે પાણીજન્ય એકમોમાં ખાલી કરવામાં અને/અથવા પૂરવામાં આવતો નથી. | ૫ |
| ૧૮ | સ્ટાફની ઉપયોગી વસ્તુઓ, સુરક્ષા માટેનો સામાન, સફાઈના સાધનો અને માલસામાનનો જરૂરી પુરવઠો પુરો પાડવામાં આવે છે અને ૨૪ કલાકથી વધુ સમય માટે કોઈ પુરવઠો અપ્રાપ્ય નથી. | ૫ |
| ૧૯ | નીચેના તમામના નામ અને સંપર્ક નંબર મુખ્યત્વે આગવી રીતે પ્રદર્શિત કરેલ છે - સુપરવાઇઝર, સુપરવિઝન સંસ્થા અને તે વિસ્તારનો સેન્ટર ઇન્સ્પેક્ટર. | ૫ |
| ૨૦ | ફરિયાદ નોંધણી અને નિવારણ પદ્ધતિ છે અને તે કાર્યરત છે અને તમામ ફરિયાદો, નિભાવણીના પ્રશ્નો અથવા બનાવોનો ૨૪ કલાકમા નિકાલ કરવામાં આવે છે. | ૫ |
| | **કુલ** | **૧૦૦** |

## ૫. ઓછામાં ઓછુ એક અથવા ૧૦% કાર્યરત સામુદાયીક અને જાહેર શૌચાલયો માટે વધારાની શરતોનું ગુણાંકન

સામુદાયીક/ જાહેર શૌચાલય લાયક થવા માટે SBM ODF+ અંતર્ગત જરૂરી શરતોને પરિપૂર્ણ કરી આ અમાળખા મુજબ ઓછામાં ઓછ ૯૦% ગુણ મેળવવા પડશે.

| ક્રમ | શરતો | ગુણ |
|---|---|---|
| | **સ્વચ્છ અને સૌંદર્યલક્ષી** | **૨૦** |
| ૧ | દીવાલો અને તળિયા સ્વચ્છ અને ડાઘ/ ચિત્રામણી મુક્ત છે. | ૧૦ |
| ૨ | એર ફ્રેશર ઉપલબ્ધ છે અને તેનો ઉપયોગ થાય છે. | ૫ |
| ૩ | શૌચાલય કોમ્પલેસની નજીક માં છોડ/ ઝાડીને સારી રીતે જાળવવામાં આવે છે. | ૫ |
| | **વધારાની સુવિધાઓ/ માળખાકીય સુવિધાઓ** | **૪૦** |
| ૪ | હાથ સૂકવવાનું મશીન/ પેપર નેપકિન્સ ઉપલબ્ધ છે. | ૧૦ |
| ૫ | બાળકો માટે નીચી ઊંચાઈવાળા શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. | ૧૦ |
| ૬ | નાહવાની સુવિધા ઉપલબ્ધ છે. | ૧૦ |
| ૭ | સ્ત્રીઓના શૌચાલયમાં સેનેટરી નેપકીન વેડિંગ મશીન અને સેનેટરી નેપકીન માટે પર્યાપ્ત નિકાલની પદ્ધતિ છે. | ૧૦ (ફક્ત પુરુષોના શૌચાલય માટે અન્ય શરતોને આધારીત ગુણ આપવામાં આવશે.) |
| | **ગ્રીન ટેક્નોલોજી** | **૧૦** |
| ૮ | વરસાદી પાણીના સંગ્રહની સુવિધા ઉપલબ્ધ છે. | ૫ |
| ૯ | પાણીની બચત કે પુનઃ ઉપયોગ થાય તેવી ટેકનોલોજી ઉભી કરવામાં આવી છે. | ૫ |
| | **નાણાંકીય સધ્ધરતા** | **૩૦** |
| ૧૦ | આવક મેળવવા માટેની જગ્યા નિર્ધારિત કરવામાં આવી છે. | ૧૫ |
| ૧૧ | શૌચાલય સ્વયં પરવડે તેમ છે. (જગ્યા પરથી જ ૧૦૦% નિભાવણી અને જાળવણી ખર્ચ જેટલી આવક ઉભી કરવામાં આવે છે.) | ૧૫ |
| | **કુલ** | **૧૦૦** |

## ૬. SBM ODF+ અંગે થર્ડ પાર્ટી ચકાસણી માટે ULB/ વિકાસ સત્તા મંડળો/ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા પુરા પાડવાના દસ્તાવેજોની યાદી

થર્ડ પાર્ટીને પ્રમાણપત્ર માટે આપવાની થતી city profile માં માહિતી પૂરી પાડી ના હોય તો નીચે દર્શાવેલ દસ્તાવેજો પૂરા પાડવાના રહેશે.

- સંપૂર્ણ સીટી પ્રોફાઈલ
- વ્યક્તિગત શૌચાલય કવરેજના આધાર-પુરાવા (ઘરોના સર્વે, પ્રોપર્ટી ટેક્સની પદ્ધતિ અથવા બીજા અન્ય સ્વીકૃતિને સ્રોતો ને આધારે)
- વોર્ડ દીઠ બધા જ સમુદાય અને જાહેર સૌચાલયની યાદી
- અસ્થાયી વસ્તીને ધ્યાને રાખીને શહેર/ નગરમાં બાંધવામાં આવનાર જાહેર શૌચાલયનો લક્ષ્યાંક જેને દરેક 250 વપરાશકર્તા માટે એક સીટ ની ગણતરી કરવી. ( કુલ શહેરી વસ્તી ના પાંચ ટકાથી ઓછી વસ્તી ન હોવી જોઈએ).
- બધા જ સામુદાયિક અને જાહેર સૂચના સોંપેલ નિભાવણી વિગતો
- આવા બધા શૌચાલયો માટે સામુદાયિક અને જાહેર શૌચાલય નિભાવણીની લોગબુક/ રેકોર્ડ જેમાં ઘટનાઓ/ બનાવની વિગતો હોય.
- છેલ્લા ત્રણ મહિના માટે બધા જ સામુદાયીક/જાહેર શૌચાલય ની સ્વચ્છતાના સમયપત્રકની વિગતો. (જો શૌચાલય છેલ્લા ત્રણ મહિનામાં બાંધવામાં આવેલ હોય તો બાંધકામના પુરાવા અને કાર્યરત થયાની તારીખથી સ્વચ્છતા સમયપત્રક પૂરા પાડવાના રહેશે.)
- બધા જ સામુદાયિક અને જાહેર શૌચાલયો માટે પાણી જોડાણ ની વિગતો અને પાણી બિલ ની નકલો.
- બધા જ સામુદાયિક અને જાહેર શૌચાલય માટે વીજ જોડાણ ની વિગતો અને વીજળીના બિલની નકલો (અથવા અન્ય ટકાઉ વિજળીની ગોઠવણ).
- બધા જ સમુદાયો માટે સંબંધિત પ્રતિભાઓ ની વિગત જે પ્રતિભાવ પદ્ધતિથી મેળવેલ હોય તે પૂરા પાડવાના રહેશે.
- શૌચાલયના સ્ટાફને પુરા પાડેલ સુરક્ષા સામાન અને સ્વચ્છતા ના સાધનો ની યાદી નો પુરાવો.
- બધા સમુદાય અને જાહેર શૌચાલયમાં જો કોઈ ચાર્જની જોગવાઈ હોય તો તેની વિગતો.
- વોર્ડ દીઠ બધા જ જાહેર અને વાણિજ્ય વિસ્તારની યાદી.
- ખુલ્લામાં શૌચક્રિયા સામે દંડ અંગેનું જાહેરનામું
- સવલત/ નિભાવણી સત્તામંડળ સાથે થયેલ થયેલ સેવા સ્તર સ્થિતી વિધેય ની નકલ
- CT/ PT નિભાવણી સ્ટાફ દ્વારા નિભાવવામાં આવતા ચલન/ ખાતાની નકલ કે જે સેપ્ટિક ટેન્ક (અથવા બીજી OSS) ખાલી કરવાની સેવા માટે ULB/ સત્તા મંડળો / કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા ડી સ્લજિંગ સુવિધા/ કરાર આધારિત ડી સ્લજિંગ ઓપરેટર દ્વારા પૂરા પાડવામાં આવેલ છે.
- સેવા સ્તર સ્થિતિના પાલન ન કરવા બદલ સવલત/ નિભાવણી કરનાર સત્તા મંડળ સામે થયેલ કરાર દંડકીય જોગવાઇ ની નકલ.
- ULB/ સત્તા મંડળો / કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ સેવા સ્તર સ્થિતિ બેન્ચમાર્ક ની નકલ.
- ULB/ સત્તા મંડળો / કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ સેવા સ્તર બેન્ચમાર્ક ઓછામાં ઓછા દસ નાગરિક સમૂહોમાં ફેલાવવા અંગેના પુરાવા.

**૭. બધા જ શૌચાલયો (વ્યક્તિગત/ સામુદાયીક અને જાહેર)ના કાદવ અંગેના મુદ્દાઓના વ્યવસ્થાપન માટેની જરૂરી શરતો**

A) કોઈપણ પ્રકારના શૌચાલય ની ગંદકી ખુલ્લી ગટરોમાં/ જમીન પર/ જળ સંસાધનો માં નિકાલ કરવામાં આવતી નથી.

B) સ્થળ પર ના સેનિટેશન માળખામાં ભરાયેલ કાદવને વાર્ષિક ઓછામાં ઓછી બે વાર ULB દ્વારા અથવા સંબંધિત વહીવટ/ સત્તાએ કરાર આધારિત આપેલ પરવાના ઓપરેટર્સ દ્વારા નિયમિત[૧] અને સુરક્ષિત[૨] રીતે ખાલી કરવામાં આવે છે.

C) બધા જ ફિકલ સ્લજનું એફ એસ ટી પી અથવા સેપ્ટિક સંલગ્ન સારવાર દ્વારા ગંદા પાણી/ કાદવ સાથે ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર સુરક્ષિત પરિવહન અને સારવાર થાય છે., અને તેને સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ધારાધોરણો અથવા રાજ્ય પોલ્યુશન કંટ્રોલ બોર્ડ સુધારા કર્યા મુજબ સારવાર કરવામાં આવે છે.

D) ગટર વ્યવસ્થા જયાં ઉપલબ્ધ છે, નિયમો[૩] મુજબ નિભાવવામાં આવે છે જેમાં બધા જ ઉભરાવવાના/ લિકેજના મુદ્દાઓ ધ્યાનમાં આવ્યાના છ કલાકમાં નિકાલ કરવામાં આવે છે.

E) તમામ પરિવહન થયેલ કાદવ, સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર નિયમો[૪] મુજબ સારવાર કરવામાં આવે છે. (જો શહેરમાં ગટર વ્યવસ્થા નથી તો લાગુ પડતું નથી).

F) સીવેજ ટ્રીટમેન્ટ સુવિધા નિયમો[૫] અનુસાર કાર્યરત છે અને નિભાવવામાં આવે છે.

G) જયાં ગટર વ્યવસ્થા ઉપલબ્ધ નથી, ત્યાં સારવાર કર્યા વગરનો ફિકલ વેસ્ટ ખુલ્લા વાતાવરણ – જળ સંસાધનો, ગટરો, ખુલ્લી જમીન, વગેરેમાં ખાલી કરવામાં નથી આવતો અને/અથવા પુરાણ કરવામાં આવતું નથી.

H) સારવાર કરેલ ગંદકીને નિયુક્ત કરે છે જગ્યાએ નિકાલ કરવામાં આવે છે અથવા યોગ્ય વસુલાત/ પુનઃ ઉપયોગ (નિયમોનુસાર[૬] વસુલાત / પુનઃઉપયોગ) માટે લઈ જવામાં આવે છે.

૧. સમાવેશ પદ્ધતિને અથવા એવી બીજી સ્થળ પર સેનિટેશન પદ્ધતિ નિયમિત ખાલી કરવામાં આવે તે ફરજિયાત છે અને તે ULBની જવાબદારી છે.

૨. જોડાયેલ લોકોને વ્યક્તિગત સુરક્ષા સાધનો અને ખાલી કરવા માટેના જરૂરી સાધનો આપેલ છે અને તેનો ઉપયોગ થાય છે.

૩. સીવરેજ અને સીવેજ સારવાર પધ્ધતિ ૨૦૧૩ના CPHEEO મેન્યુઅલ અને CPCB ધોરણો અથવા રાજ્ય PCBએ સુધારા મુજબ (સીવર માટે CPCB નિયમો – http://cpcb.nic.in/industry-effluent-standards/)

૪ Ibid (STPs માટેના CPCB ધોરણો – http://cpcb.nic.in/uploads/industry-Specific-Standards/Efficient/105-sewage_treatment_plant.pdf)

૫. Ibid (STPs માટેના CPCB ધોરણો http://cpcb.nic.in/uploads/industry-Specific-

## ૮. ડી-સ્લજીંગ ઓપરેટર દ્વારા આપવા માટેના સંમતીપત્રનો નમુનો

હું, .................... (ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડનું નામ)માં કામ કરતી ................. (ડી-સ્લજીંગ સંસ્થાનું નામ અને નોંધાયેલ સરનામુ)નો સંચાલક/ સમાન ..................... આથી જાહેર કરુ છું કે અમે:

A) નોંધાયેલ છે અને ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા પરવાનો મેળવેલ છે.

B) ઘરો અથવા સમુદાય અને/ અથવા જાહેર શૌચાલયમાં કાદવ/ સેપ્ટેજ ટેન્ક ખાલી કરવાની સુવિધા પૂરી પાડવા માટે ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા કરાર આધારીત કામ આપવામાં આવેલ છે. (કરારની નકલ અને ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા સુવિધા પૂરી પાડવા માટે ફાળવવામાં આવેલ ઘરો અને/ અથવા સામુદાયિક/ જાહેર શૌચાલયોની વિગત)

C) ખાલી કરવાની સુવિધા પૂરી પાડવા માટે યાંત્રીક સાધનનો ઉપયોગ કરવામાં આવે છે.

D) યાંત્રિક રીતે ખાલી કરવાની સુવિધા પૂરી પાડવા વ્યક્તિગત સુરક્ષા માટેના સાધનોનો ઉપયોગ કરીએ છીએ.

E) ખાલી કરેલ કાદવ અને સેપ્ટેજ નજીકના ફીકલ સ્લજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સંલગ્ન ટ્રીટમેન્ટ સુવિધાવાળા STP/ સંલગ્ન ટ્રીટમેન્ટ સુવિધાવાળા SWM પ્લાન્ટ (જે લાગુ પડતું હોય તે ટીક કરવું) (ટ્રીટમેન્ટ ફેસિલિટીની વિગતો બીડાણમા આપવી) કે જેઓ CPCB અથવા રાજ્ય PCB બોર્ડ સુધારેલ નિયમ મુજબ કાર્યરત છે ત્યાં પરિવહન કરવામાં આવે છે.

F) સારવાર ના કરેલ કાદવ ખુલ્લા વાતાવરણમાં - જળ સંસાધનો/ ગટરો/ ખુલ્લી જગ્યા વગેરેમાં આવતો નથી.

.......................................

(ડી-સ્લજીંગ ઓપરેટરના સંચાલન અથવા સમાનની સહી અને નામ)

નોંધાયેલ ઓફીસ સરનામુ:

ફોન નંબર:

તારીખ:

(કરારનામું ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા સુવિધા પૂરી પાડવા માટે ફાળવવામાં આવેલ ઘરો અને અથવા સામુદાયિક/ જાહેર શૌચાલયોની યાદી અને જ્યાં ફિકલ સ્લાજ/ સેપ્ટેજ પરિવહન કરવામાં આવે છે તેવી સારવાર સુવિધાની વિગતો)

## ૯. SBM ODF++ ના થર્ડ પાર્ટી મૂલયાંકન માટે ULB/ વિકાસ સત્તામંડળ/ કેન્ટોનમેન્ટ બોર્ડએ રજૂ કરવાનું થતું નમૂનારૂપ દસ્તાવેજોની યાદી:

થર્ડ પાર્ટીને પ્રમાણપત્ર માટે આપવાની થતી city profile માં માહિતી પૂરી પાડી ના હોય તો નીચે દર્શાવેલ દસ્તાવેજો પૂરા પાડવાના રહેશે.

- સંપૂર્ણ સીટી પ્રોફાઈલ
- વોર્ડ દીઠ SBM ODF+ અંગેનું જાહેરનામું (મ્યુનિસિપલ વહીવટને અથવા લાગુ પડતું હોય તેને રજૂ કરવું).
- થર્ડ પાર્ટી દ્વારા પુરૂ પાડવાનું થતું પાડવામાં આવેલ શહેર/ નગરનું SBM ODF+નું પ્રમાણપત્ર
- વોર્ડ દીઠ બધા જ સામુદ્દાયીક અને જાહેર શૌચાલયની યાદી
- અસ્થાયી વસ્તીને ધ્યાને રાખીને શહેર/ નગરમાં બાંધવામાં આવનાર જાહેર શૌચાલયનો લક્ષ્યાંક જેને દરેક 250 વપરાશકર્તા માટે એક સીટ ની ગણતરી કરવી. ( કુલ શહેરી વસ્તી ના પાંચ ટકાથી ઓછી વસ્તી ન હોવી જોઈએ).
- બધા જ સામુદાયિક અને જાહેર સૂચના સોંપેલ નિભાવણી વિગતો
- છેલ્લા ત્રણ મહિના માટે બધા જ સામુદાયીક/જાહેર શૌચાલય ની સ્વચ્છતાના સમયપત્રકની વિગતો. (જો શૌચાલય છેલ્લા ત્રણ મહિનામાં બાંધવામાં આવેલ હોય તો બાંધકામના પુરાવા અને કાર્યરત થયાની તારીખથી સ્વચ્છતા સમયપત્રક પૂરા પાડવાના રહેશે.)
- આવા બધા શૌચાલયો માટે સામુદાયિક અને જાહેર શૌચાલય નિભાવણીની લોગબુક/ રેકોર્ડ જેમાં ઘટનાઓ/ બનાવની વિગતો હોય.
- બધા જ સામુદાયિક અને જાહેર શૌચાલયો માટે પાણી જોડાણ ની વિગતો અને પાણી બિલની નકલો.
- બધા જ સામુદાયિક અને જાહેર શૌચાલય માટે વીજ જોડાણ ની વિગતો અને વીજળીના બિલની નકલો (અથવા અન્ય ટકાઉ વિજળીની ગોઠવણ).
- બધા જ સમુદાયો માટે સંબંધિત પ્રતિભાવોની વિગત જે પ્રતિભાવ પદ્ધતિથી મેળવેલ હોય તે પૂરા પાડવાના રહેશે.
- શૌચાલયના સ્ટાફને પુરા પાડેલ સુરક્ષા સામાન અને સ્વચ્છતા ના સાધનો ની યાદી નો પુરાવો.
- બધા સમુદાય અને જાહેર શૌચાલયમાં જો કોઈ ચાર્જની જોગવાઈ હોય તો તેની વિગતો.
- વોર્ડ દીઠ બધા જ જાહેર અને વાણિજ્ય વિસ્તારની યાદી.
- ખુલ્લામાં શૌચક્રિયા સામે દંડ અંગેનું જાહેરનામું.
- છેલ્લા એક વર્ષમાં શહેરમાં ક્યાંય માથે મેલુ ઉપાડવાનો બનાવ બનેલ નથી તેના પ્રાદેષીક દૈનિક, વગેરમા પુરાવા.
- સવલત/ નિભાવણી સત્તામંડળ સાથે થયેલ થયેલ સેવા સ્તર સ્થિતી વિધેયની નકલ.
- સેવા સ્તર સ્થિતિના પાલન ન કરવા બદલ સવલત/ નિભાવણી કરનાર સત્તા મંડળ સામે થયેલ

કરાર દંડ્કીય જોગવાઇ ની નકલ.

- CT/ PT નિભાવણી સ્ટાફ દ્વારા નિભાવવામાં આવતા ચલન/ ખાતાની નકલ કે જે સેપ્ટિક ટેન્ક (અથવા બીજી OSS) ખાલી કરવાની સેવા માટે ULB/ સત્તા મંડળો / કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા ડી સ્લજિંગ સુવિધા/ કરાર આધારિત ડી સ્લજિંગ ઓપરેટર દ્વારા નિભાવવામાં આવે છે.

- ગટરો અને/ અથવા ખુલ્લા વિસ્તારોમાં પુરાણ કરતાં વ્યક્તિઓ/ સી-સ્લજીંગ ઓપરેટર્સ સામે દંડનું જાહેરનામું.

- વોર્ડ દીઠ ઘરેલુ શૌચાલયોની યાદી, નક્કી કરેલ સેનીટેશન માળખા સાથે (સ્થળ પર સેપટીક ટેન્ક, બે ખાળકૂવા વગેરે જેવી સમાવેશી પધ્ધતિ અથવા ગટર વ્યવસ્થાનું જોડાણ.

- ULB/ સત્તા મંડળો / કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા અને કરાર આધારીત ઓપરેટર્સ દ્વારા ઘરોમાં પૂરી પાડવામાં આવતી કચરો એકત્ર કરવાના (ખાલી કરવાના) અંગેનું સમયપત્રકનું/ લૉગબુક.

- દરેક ડી-સ્લજીંગ ઓપરેટર્સની નોધણી અને પરવાનાની વિગતો.

- દરેક પરવાના પામેલ ડી-સ્લજીંગ ઓપરેટર્સ હેઠળના સ્થળ પરના માળખા અને/ અથવા ગટર/ જોડાણોની વિગતો.

- ડી-સ્લજીંગ/ ખાલી કરવા માટેના સાધનોની નિભાવણીની વિગતો, ભલે તે ULB/ સત્તા મંડળો / કેન્ટોનમેન્ટ બોર્ડના પોતાના હોય કે પરવાના પામેલ ઓપરેટર્સની માલીકીના હોય.

- સ્લજ પરિવહન વાહનોની નિભાવણીની વિગતો. ભલે તે ULB/ સત્તા મંડળો / કેન્ટોનમેન્ટ બોર્ડના પોતાના હોય કે પરવાના પામેલ ઓપરેટર્સની માલીકીના હોય.

- સ્લજ ખાલી કરવા અને એકત્રીત કરવાના હેતુથી યુઝર ચાર્જ અંગેનું જાહેરનામું.

- નોધાયેલ અને નહિ નોધાયેલ સેપ્ટીક ટેન્ક સફાઈ કરનારાઓ/ ખાનગી ઓપરેટર્સનું જોડાણ કરવું.

- નોંધાયેલ ડી-સ્લજીંગ વાહનોનના રિપોર્ટ/ લોગબુકની વિગતો.

- શહેરની ગટર વ્યવસ્થાની યોજના

- સેક્શન દીઠ સીવરેજ નેટવર્કની સ્વચ્છતા અને નિભાવણીનું સમયપત્રક.

- શહેરમાં ચાલુ/ કાર્યરત સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STPs)/ ફીકલ સ્લજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (FSTPs)/ સહ-સારવાર સુવિધાની વિગતો

- પ્રતિદીન સીવેજ/ ફીકલ સ્લજની થતી સારવાર સામે પ્રતિદીન સારવારની ક્ષમતા (STPs માટે MLD અને FSTPs માટે KLD મુજબ)

- બધા જ STPs/ SWM સહ-સારવાર પ્લાન્ટના સ્થળ અને શહેરથી તેનું અંતર

- FSTPsની જગ્યાઓ

- જો છેલ્લા છ માસથી, જો હયાત હોય તો, STPમાં દાખલ કરવાના પરિમાણોની વિગત/ લૉગબુક.

- જો છેલ્લા છ માસથી, જો હયાત હોય તો, STPમાંથી મળતા પરિમાણોની વિગત/ લૉગબુક.

- સારવાર કરેલ કાદવ માટે પુનઃ પ્રાપ્તી/ પુનઃ ઉપયોગની નકલ.

- ULB/ સત્તા મંડળો / કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલપાણી પુરવઠાના સેવા સ્તર

સ્થિતિ બેન્ચમાર્ક૭ અને સેનિટેશનની નકલ.

- માથે મેલુ ઉપાડવાની અથવા તેના સમાન અન્યના અભાવે, ULB/ સત્તા મંડળો / કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા  નિભાવવામાં આવતા સેનિટેશન ફરિયાદના લૉગ/ નોંધ.

- ઘટનાઓ/ બનાવો અને તેના નિકાલના સમયની વિગતો સાથે ગટર વ્યવસ્થા નિભાવણીની લૉગબુક/ દસ્તાવેજો.

- ઓછામાં ઓછા 10 નાગરિક સમૂહોમાં, ULB/ સત્તા મંડળો / કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ સેવા સ્ટાર બેંચમાર્કના પ્રસારના પુરાવાઓ.

૭. MoHUA દ્વારા પ્રકાશીત કરેલ સેવા સ્તર બેંચમાર્કની હેન્ડબુક અને નેશનલ પોલિસી ઓન ફિકલ સ્લજમાં (FSSM) સૂચીત સુધારેલ સેવા સ્ટાર બેન્ચમાર્ક મુજબ.

## ૧૦. ULB/ રાજ્યો દ્વારા અપનાવવામાં આવેલ સારી પ્રેક્ટીસ

ભારતમાં કેટલાક શહેરોએ સારી પ્રેક્ટીસ અપનાવેલ છે જે ખુલ્લામાં શૌચક્રીયાની નાબૂદીથી આગળ વધે છે, અને સેવાના સુધારો અને સ્વચ્છતા મૂલ્યની સાંકળમાં સેવાઓ અને માળખામાં સુધારો લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

### ૧. દેવનહલ્લી, કર્ણાટકમાં ફિકલ સ્લજ  ટ્રીટમેન્ટ પ્લાન્ટ

ધી દેવનહલ્લી નાગર મ્યુનિસિપલ કાઉન્સીલ DEWATS પ્રચાર સોસાયટી માટેનું મંડળ અને બ્રિએન ઓવરસીસ રિસર્ચ અને ડેવલપમેન્ટ એઓસીએશન (BORDA) સંયુક્ત રીતે કર્ણાટકના દેવનહલ્લી શહેરમાં ફીકલ સ્લજટ્રીટમેન્ટ ફેસિલિટી. ઘરગથ્થુ શૌચાલયમાંથી નીકળતા કચરાને રોકવા માટે ખાળકૂવા કે સેપ્ટિજ ટેન્કની નિર્ભરતાની જોગવાઈ માટે ફીકલ સ્લજ ટ્રીટમેન્ટ સુવિધાની સ્થાપન કરી. અગાઉ, ઘરોમાથી નીકળતું ગ્રે-વોટર નજીકની વરસાદી પાણીની ગટરોમાં ઢલવવામાં આવતું અથવા જ્યાં શક્ય હોય ત્યાં, રસોડાના બગીયાચામાં પુનઃ ઉપયોગ કરવામાં આવતું. TMC દ્વારા સેપ્ટિક ટેન્ક, ખાળકૂવામાથી એકઠું થયેલ ફીકલ સ્લજ ખેતી માટેની જમીન અને અન્ય જમીનમાં પૂરું પાડવા પરિવહન કરવામાં આવતું અથવા અનિશ્ચિત જગ્યાએ નિકાલ કરવામાં આવતું. આ સુવિધા એ સમજ સાથે સ્થાપવામાં આવી કે ભૂગર્ભ ગટર વ્યવસ્થા અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ શહેર માટે શક્ય નથી કારણ કે ખરાબ પાણીની પ્રાપ્તિ સાથે સાથે સરકારના ફંડનો પણ અભાવ હતો.  FSTP દેવનહલ્લીની ૩૦,૦૦૦ થી વધુ જનતાની જોગવાઈ માટે ૬,૦૦૦ પ્રતિ દિવસની ક્ષમતા સાથે બનાવવામાં આવેલ છે. આ એક ગુરુત્વાકર્ષણ બળ આધારિત સુવિધા છે જેની સારવાર માટે વીજળીની જરુરીયાત પણ રહેતી નથી.

FSTP અને તેના જાળવણી અને નિભાવણીની વધુ માહિતી માટે આપ દેવનહલ્લી નગર કાઉન્સીલનો સંપર્ક કરી શકો છો.

### ૨. વાઇ અને સિન્નાર, મહારાષ્ટ્રમાં FSSTP સાથે સેપ્ટિક ખાલી કરવાની સુવિધાનું સમયપત્રક

વાઇ અને સિન્નાર મ્યુનિસિપલ કાઉન્સીલ ફિકલ સ્લજ અને સેપ્ટેજ વ્યવસ્થાપન યોજના થકી SBM ODF+ થવાના તેમના માર્ગ પર છે. કાન્સીલે સેપ્ટિક ટેન્ક ખાલી કરવા માટેનું આયોજન ઘડેલ છે. જેમાં, શહેરના બધા જ સેપ્ટિક ટેન્ક/ સ્થળ પરની પધ્ધતિને દર ત્રણ વર્ષે વારાફરતી પધ્ધતિથી એકવાર ખાલી કરવામાં આવે છે. આ સુવિધા પૂરી પાડવા માટે ULBએ કામગીરી આધારિત કરાર કરેલ છે, જ્યાં ખાનગી ક્ષેત્ર આ સુવિધા પૂરી પાડશે. બધી જ મિલકતો પર લાદેલ સેનિટેશન કર થકી આ કરારોની નાણાકીય જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે.

વાઇ અને સિન્નારના SBM ODF+ વિષે વધુ માહિતી માટે આપ વાઇ અને સિન્નાર મ્યુનિસિપલ કાઉન્સીલનો સંપર્ક કરી શકો છો.

### ૩. સ્વચ્છ આંધ્ર કોર્પોરેશન, આંધ્રપ્રદેશના સામુદાયિક અને જાહેર શૌચાલયોની માર્ગદશીકા

આંધ્રપ્રદેશની સરકારના સ્વચ્છ આંધ કોર્પોરેશનને વર્ષ 2016માં "આંધ્રપ્રદેશના શહેરો માટે જાહેર અને સામુદાયિક શૌચાલયના વ્યવસ્થાપન અંગેની માર્ગદશિકા" બહાર પાડેલ છે. આ માર્ગદર્શિકા નીચેની વિગતો આવરી લે છે.

- શહેર કક્ષાએ જાહેર અને સામુદાયિક શૌચાલયનું આયોજન અને તેનું ટકાઉ વ્યવસ્થાપન
- શૌચાલય બ્લોકની માપદંડકીય કાર્યવાહી (જેમાં ડીઝાઇનની મંજૂરી, સુવિધાઓ. શૌચલાયના બાંધકામ/સુધારા માટેના માળખા સહિતનો સમાવેશ થાય છે.)
- શૌચાલયની સુવિધાએ જાળવવી અને નિભાવણીની સુવિધા
- શહેર અને શૌચાલય વ્યવસ્થાપકને આધાર પૂરો પાડવા માટેની ટૂલકીટ (જેમાં શૌચાલય માલસામાન માટે GIS આધારીત MIS, માલસામાનની શ્રેષ્ઠ કામઇગીરી, O & Mની જરૂરીયાત અને બીજું ઘણુ સામેલ છે.)

ODFના ટકાઉપણા માટેના આંધપ્રદેશના અભિગમ વિષે વધુ માહિતી માટે આપ સ્વચ્છ આંધ કોર્પોરેશનનો સંપર્ક કરી શકો છો.

### ૪. ગૂગલ મેપ ટોયલેટ લોકેટર પર ઝારખંડના જાહેર શૌચાલયોનું જોડાણ (મેપીંગ)

ઓક્ટોબર ૨૦૧૭ના રોજ ઝારખંડે પોરની જાતે ખુલ્લામાં શૌચકક્રીયા મુક્તની જાહેરાત કરી અને માર્ચ ૨૦૧૮ સુધી તેના ૪૧ ULBએ ODFના પ્રમાણપત્ર મેળવી લીધા. ODF સ્ટેટસ ટકાવી રાખવાના પ્રયત્નોના ભાગરૂપે, તેની બધી ULBએ ગૂગલ મેપ ટોઇલેટ લોકેટર પર અપલોડ કરવામાં આવેલ બધા જાહેર શૌચલાયોની જગ્યાઓ અને અન્ય વિગતો મળી રહે છે તે માટે ગૂગલ સાથે જોડાણ કર્યું. આ શુચાલયો મોલમાં/ પેટ્રોલ પંપ પર/ રેસ્ટોરન્ટમાં/ રેલ્વે સ્ટેશન પર કે બસ સ્ટેશન પર સ્થિત હોય. એપ પરની માહિતીમાં વિગતો જોવા મળે છે કે શૌચાલય ઇંડિયન સ્ટાઈલ છે કે વેસ્ટર્ન સ્ટાઈલનું છે અને શું તે ઉપયોગ કરવા માટે મફત સેવા આપે છે અથવા તેના ખુલ્લા રહેવાના કલાકો કયા છે વગેરે. આમ જોડાણ કરેલ શૌચાલયના ઉપયોગ બાદ ઉપયોગકર્તા શુચાલયનો પ્રતિભાવવ આપી શકે છે અથવા એપ પર સ્ટાર રેટિંગ આપી શકે છે, જેથી તેના ઉપયોગ પહેલા અન્ય ઉપયોગકર્તા તેની સ્વચ્છતા અંગે માહિતી મેળવી શકે. શૌચાલયની સુવિધાની સ્વચ્છતા અને નિભાવણી બાબતે સત્તા મંડળોમાં જાગૃતતા ઊભી થશે.

ODFના ટકાઉપણા માટેના ઝારખંડના અભિગમ વિષે વધુ માહિતી માટે આપ સ્વચ્છ ભારત અર્બન, ઝારખંડનો સંપર્ક કરી શકો છો.

# નોંધ

## નોંધ


## નોંધ

## નોંધ

## નોંધ


# City Beautification

















શહેરોમાં દ્રશ્યમાન સુશોભનની વ્યવસ્થા

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

# સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત



સ્વચ્છ ભારત મિશન અર્બન- ગુજરાત
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડની કચેરી
સેક્ટર ૧૦/A પોલીસ ભવન સામે, ગાંધીનગર-૩૮૨૦૧૦

સ્વચ્છ ગુજરાત... સ્વસ્થ ગુજરાત...

www.mgsm-gujarat.in

Follow us on /swachhgujarat /mgsmgujarat